Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्धं सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवान्ति॥१॥

पु. १४.} वीर संवत् २४४३ माघ. आत्म सं. २१. } अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | ધર્મ પ્રશંસા ... ... | ૧૫૫ | ૬ | જૈન આચાર વ્યવહારની શુદ્ધિના પ્રાચિન દૃષ્ટાંતો... ... ... | ૧૭૭ |
| ૨ | જૈન ઐતિહાસિક સાહિત્ય | ૧૫૬ | ૭ | દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો પ્રેમ હોવો જોઇએ ? ... | ૧૭૩ |
| ૩ | ચારિત્રગઠન...... ... | ૧૫૯ | ૮ | વર્ત્તમાન સમાચાર. ... ... | ૧૭૫ |
| ૪ | અનિત્યતા દિગ્દર્શન ... | ૧૬૪ | ૯ | પુસ્તક પહોંચ ... ... ... | ૧૭૮ |
| ૫ | મુનિરાજશ્રી લલીતવિજયજીનું ભાષણ ... ... | ૧૬૫ | | | |


વાર્ષિક–મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાન દેવા યોગ્ય એક નમ્ર સુચના.

## ( હાલમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો. )

### આ સભાના લાઈફ મેમ્બરોને ભેટ.

### સાધુ સાધ્વી મહારાજા તથા જ્ઞાન ભંડારોને ભેટ આપવાના ગ્રંથો.

હાલમાં અમારા તરફથી નીચે લખેલા સંસ્કૃત અને ભાષાંતરના તેમજ ઐતિહાસિક ગ્રંથો પ્રસિદ્ધ થયા છે.

**સંસ્કૃત ગ્રંથો.**

૧ ક્ષેત્રસમાસ.
૨ પ્રાચિનચાર કર્મગ્રંથ.
૩ સંબોધસિત્તરી.
૪ કુવલયમાળા–કથા.
૫ કરૂણા વજ્રાયુધ નાટક.
૬ વિજ્ઞપ્તિ ત્રિવેણિ ( ઐતિહાસિક ગ્રંથ. )
૭ કૃપારસ કોષ ( ,, )

**મૂળ ભાષાંતર તથા એકલા ભાષાંતરના ગ્રંથો.**

૧ કુમારપાળ ચરિત્ર હિંદિ.
૨ સમ્યકત્વ કૌમુદિ.
૩ અનુયોગદ્વાર સૂત્રનો સંક્ષિપ્તસાર.
૪ પ્રકરણ પુષ્પમાળા (દ્વીતીયપુષ્પ)

## સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારના મેનેજરોને વિનંતિ.

ઉપર મુજબના ગ્રંથો હાલમાં પ્રસિદ્ધ થયા છે. જેમાં **કુવલયમાલા, વિજ્ઞપ્તિ ત્રિવેણિ** તથા **કૃપારસ કોષ** આ ત્રણ પુસ્તકો કિંમતથી આપવાના છે અને બાકીના નંબર ૧–૨–૩–૫ એ ચાર સંસ્કૃત ગ્રંથો ભેટથી આપવાના છે. સંસ્કૃત સિરીઝ । દરેક ગ્રંથો મુનિમહારાજાઓ જ્યારે જ્યારે જેટલી જેટલી કોપીઓ ભેટ મંગાવે છે ત્યારે ત્યારે બહોળી સંખ્યામાં ધારા મુજબ તેટલી તેટલી કોપીયો ભેટ મોકલવામાં આવે છે, જેનું લીસ્ટ અત્યારસુધીનું સભાના દફતરમાં રાખેલું છે. એ લીસ્ટ પ્રમાણે જ્યારે જ્યારે નવા ગ્રંથો તૈયાર થાય છે, ત્યારે ત્યારે તેઓશ્રીને પોસ્ટેજ પુરતા વી૦ પી૦ થી લખ્યા મુજબ શિરનામે મોકલી આપવામાં આવે છે. આ ધારા મુજબ ઉપરના સંસ્કૃત ગ્રંથો નંબર ૪–૬–૭ પણ જે મુલ્યવાળા છે તે કિંમતથી વી૦ પી૦ અને નંબર ૧–૨–૩–૫ કે જે ભેટના છે તેમનું ફકત પોસ્ટેજ પુરતું વી૦ પી૦ કરી અમારા સભાના દફતરમાં જે નોંધ છે તે પ્રમાણેની દરેકની કોપીયો સાધુ, સાધ્વી મહારાજા અને જ્ઞાનભંડારોના મેનેજરને આવતા માસની શુદ ૫ના રોજથી મોકલવામાં આવશે, જેથી દરેક મુનિમહારાજા વગેરેએ પ્રથમની જેમ અમોને શ્રાવકનું નામ મોકલી પુસ્તકો વી૦ પી૦ થી મંગાવી લેવા અથવા તેઓશ્રીએ તે વી૦ પી૦ કોઇપણ શ્રાવક પાસે સ્વીકારાવી લેવું એવી નમ્ર વિનંતિ છે.

જેઓશ્રીને મૂલ્યવાળા પુસ્તકોની, ભેટના પુસ્તકો જેટલી નકલોનો ખપ ન હોય તેઓશ્રીએ તુરતજ આ માસિક મળ્યા પછી દીવસ ૮ આઠની અંદર સભા ઉપર લખી મોકલવું, કે જેથી તેનાં સંબંધમાં યોગ્ય વિચાર કરી તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે ! જો કાંઇપણ ખુલાસો નહીં આવે તેઓશ્રી ઉપર તેઓશ્રીના નામે લીસ્ટમા નોંધ્યા પ્રમાણે ભેટની અને મૂલ્યની ( કિંમત લેવાની ) દરેકની સરખી નકલોનો હિસાબ ગણી તે પ્રમાણે વી૦ પી૦ થી મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय- पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, माह आत्म संवत् २१. [ अंक ७ मो.

## धर्म प्रशंसा.

### શાર્દૂલ વિક્રીડિત.

જ્યાં ગુંજે મુનિ ભૃંગ રંગ ધરતા ગુંજારવે જ્ઞાનના,
જ્યાં સત્ શ્રાવક પક્ષિઓ મધુરવો કર્ત્તા સદા તાનના;
ખીલ્યા બોધતરૂ સુપલ્લવ ધરી સમ્યકત્વ પુષ્પે ભર્યા,
તે ધર્મો પવને રહ્યા જન સહુ સંસાર વારિ તર્યાં. ૧

### ગીતિ.

સમ્યકત્વ સત્ય સદ્ગુણ, સામ્ય સદાચાર સર્વ જન સેવા;
સકાર ષટ્ તે સેવો, મલશે તેથી ભવે મધુર મેવા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## શ્રીજ્ઞાનવિમલસૂરિ–નિર્વાણ રાસ.

તપાગચ્છીય સંવિજ્ઞ પક્ષમાં, સર્વથી પ્રથમ આચાર્ય જ્ઞાનવિમલસૂરિ થયા. તેમનું મુનિ–અવસ્થાનું નામ નયવિમલ હતું. તેમના ગુરૂશ્રી શ્રીધીરવિમલ હતા. જ્ઞાનવિમલસૂરિ ક્રિયાપાત્ર અને સુવિહિત સાધુ હતા. તેમના સમયમાં યતિઓમાં શિથિલાચાર દિનપ્રતિદિન વધતો જતો હતો. શ્રી સત્યવિજય પન્યાસે ક્રિયોદ્ધાર કરી, યતિ સમુદાયથી પ્રથક્ સંવિજ્ઞ સમુદાયની નીંવ ન્હાંખી શ્રીજ્ઞાનવિમલજી પણ પાછલથી તે પક્ષમાં મળી શુદ્ધ સાધુવૃત્તિ પાળવા લાગ્યા હતા. તેમને ગચ્છ-પતિએ આચાર્યપદ સમર્પિ સંવિજ્ઞપક્ષની મહત્તા વધારી હતી. તેમણે શ્રી ચંદ્ર-કેવલી રાસ વિગેરે ઘણી રચના ગુજરાતીમાં કરી છે, નરભવદિઠ્ઠંતોવનયમાળા વિગેરે પ્રાકૃત ગ્રંથો પણ ઉપલબ્ધ થાય છે. રાધનપુર આદિ કેટલાએ ઠેકાણે તેમણે પ્રતિષ્ઠાઓ પણ કરાવેલી છે. આવી રીતે તેઓ એક સારા વિદ્વાન્ અને પ્રતિષ્ઠાવાન્ આચાર્ય હતા. તેમના જીવનવૃત્તાન્ત સંબંધી હજુ સુધી કાંઇ પણ બ્હાર આવ્યું નથી તેથી તેમનો જન્મ કયારે અને કયાં થયો, કયા કુલમાં તેઓ અવતર્યા, કયારે દીક્ષા લીધી અને કયારે સૂરિપદ પામ્યા એ આદિ કશું પણ આપણી જાણમાં આવ્યું નથી. પ્રવર્તકજી મહારાજના વિશાળ શાસ્ત્ર સંગ્રહમાંથી તેમનો ત્રણ પાનાનો નિર્વાણ–રાસ મળી આવ્યો છે કે જેમાં એ બધી બાબતોનો ઉલ્લેખ છે પરંતુ કમનસીએ એ રાસનો મધ્યનો પત્ર ટૂટક છે. પહેલો અને ત્રીજો પત્ર ઉપલબ્ધ થયો છે. બીજે ઠેકાણે કેટલીક તપાસ કરી પરંતુ કાંઇ ફલ મળ્યું નથી. ઇતિહાસ રસિકોની જાણ માટે એ ટૂટક નિર્વાણ રાસ આ નીચે આપું છું. આમાં જે આવી ગયું છે તે પણ, એ સૂરિના વિષયમાં નવું જ છે તેથી આપણને તો તેટલો ભાગ પણ ઉપકારી જ છે સંભવ છે કે, આ ઉપરથી કોઈ મુનિ કે શ્રાવક શોધ કરશે તો કયાંક સંપૂર્ણ પણ મળી આવશે. રાસ સરલ અને સ્પષ્ટ હોવાથી તેની અંદર આવેલી હકીકતને અત્રે નોંધી પુનરૂક્ત કરવામાં કાંઈપણ વિશેષતા ન જાણી કેવળ મૂલરૂપે જ આપવામાં આવે છે. ભાષા અને જોડણી, પ્રતિઅનુસાર જ રાખવામાં આવી છે.

મુનિ જિનવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રણમી થંભણપાસજી, જે પ્રભુ ત્રીભુવન ભાંણ;
સરસતિ સામિણિ ચિત ધરી, ગાઉં ગુરૂ નિર્વાણ. ૧
ગછપતિ મોરે મન વસ્યો, **ઓસવંશ** સિણગાર;
**ભિન્નમાલ** નયરેં થયો, શ્રી ગુરૂને અવતાર. ૨
**સાહવાસા** કુલ મંડણો, **કનકા માત** મલ્હાર;
સંવત **સોલ ચોરાંણું** એ, જનમ થયો સુવિચાર. ૩
**વાસવ ગોત્ર** સુહંકરૂ, **નાથુ** નામ ઉદાર;
વૈરાગી **ધીરવિમલ** કવિ, ક્રિયાવંત જયકાર. ૪
તેહ પાસેં ઉછાહ સ્યૂં; લીધો સંયમ ભાર;
સંવત **સતર બિલોતરેં**, ધરી વૈરાગ્ય અપાર. ૫

પામી સુગુરૂ પસાય—એ દેશી.

**નયવિમલ** અતિ નામ, અભ્યસેં બહુ પરેં, શાસ્ત્રતણો તે નિસદિને એ;
જ્ઞાનાવરણી કર્મ્મ, તસક્ષય ઉપસમેં, બહૂ શાસ્ત્રે મતિ અનુસરીએ. ૬
**અમૃત વિમલ** કવિરાય રે, વિદ્યા ગુરૂ થકી, કાવ્ય તર્ક ન્યાયેં નિપુણતાએ. ૭
**ઘાણોરા** નગર મઝાર રે, પંડિત પદ દિઇં,સંવત **સત્તાવીસ વત્સરે** એ. ૮
**શ્રી વિજયપ્રભ સૂરિ** રાજ રે, માહ સુદિ દસમીઈં, ઉત્સાહ યોગ્ય તે જાંણીનેંએ. ૯
**ધીરવિમલ** કવિરાય રે, સતર ઓગણ ચાલેં, સુર લોકાંતિ સંચર્યા એ. ૧૦
તે **નયવિમલ** કવિરાય રે, ગુરૂપદ શોભતા, ભવિજનનાં મન મોહતાએ. ૧૧
જ્ઞાંન ક્રિઆનેં યોગેં રે, ભવ્ય પ્રાણી પ્રતેં, ધર્મોપદેશે તારતાએ. ૧૨
**શ્રી વિજયપ્રભ સૂરી** રાજ રે, તે શ્રીગુરૂપ્રતેં, બહૂ માંને પાસેં ઠવેં એ. ૧૩
નવ દિક્ષિત બહૂ શિષ્ય રે, દીક્ષા તેહોનેં, દેવરાવેં ગછપતિ કન્હેં એ. ૧૪
ગછપતીનેં આદેશેં રે, સતર સડતાલેં; પાટણ પધાર્યા તે કવિએ. ૧૫
ક્રીઓદ્ધાર તિહાં કીધ રે, ફાગુણ શુદિ પંચમી, ગચ્છ નિષ્ટાઇ વિચરતાએ. ૧૬
ગચ્છવાસી ગીતાર્થ રે, કેતલાએક મિલી, સિથલાચાર દેષી મુનીતણોએ. ૧૭
મન ચિંતેં સહૂ તેહ રે, યોગ્ય જોઈ અવર નેં, જ્ઞાન ક્રિયાવંત ગુરૂ થાપઇંએ. ૧૮
વિચાર કરેં સહૂ તાંમ રે, **નયવિમલ** કવિ, સૂરીપદનેં એ જોગ્ય છેં એ. ૧૯

## દેશી ચોપઇની.

સંવત **સતર અડતાલેં** સાર, ફાગુણ શુદિ પંચમી ગુરૂવાર;
ગામ **સાંડેરૂં પાટણ** પાસ, **ઋષભ** પ્રસાદેં મન ઉલ્હાસ. ૨૦
**મહીસાગર** સૂરીથી ગ્રહ્યું સાર, ઉપસંપદાઇં સૂરિમંત્ર ઉદાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જ્ઞાનવિમલ** સૂરી ઇતિ નાંમ, થાપ્યું શુભ યોગે તિણ ઠાંમ. ૨૧
તે મહોત્સવે ધન બહૂ **ખરચીઓ**, પારિખ **નાગજીઇ** જસ લીઓ;
તે ગુરૂ વિચરે દેશ વિદેશ, દેતા ભવિજનને ઉપદેશ. ૨૨
જિહાં જિહાં વિચરે શ્રી ગુરૂરાય, તિહાં તિહાં ભવિજન હર્ષ ન માય;
અમૃતથી મીઠી ગુરૂવાણિ...............................

\+ \+ \+

શ્રી ગચ્છપતિનું ઉદાર, નિર્વાણ મહોત્સવ સાર; આ.
કરીને રે વલી જીવદયાઇ ચિત્ત ધર્યું જી. ૪૫

## ગિરૂયારે ગુણ તુમ્હ તણા—એ દેશી.

ગુણ ગાયા મેં ગુરૂતણા, મોહન ગચ્છપતિ રાય એ;
**શ્રીજ્ઞાનવિમલસૂરીસરૂ** સકલ સૂરીમાં શાયા એ. ૪૬

ગુણ ગાયા મેં ગુરૂતણા.—આંચલી૦

શ્રાવક **પંભાયતી** તદા, મનમાં એમ વિચારે એ;
અમારિ પલાવો નયરમાં, જીવ છોડાવો સુખકાર એ. ગુણ૦ ૪૭
વલી દરીઈ માછી જના, જાલ ન માંડે કોઈ એ;
માઝને માસ સવાલગે, ઈમ લાભ બહૂ તસ હોઇ એ. ગુણ૦ ૪૮
ઈમ જીવ છોડાવે બહૂ પરે, વલી ગો બલદને ભેંસા એ;
માહાજન માંહે મુંકાવિઆ, ઇમ અભયદાન વિશેસા એ. ગુણ૦ ૪૯
દ્રવ્ય દેઈ સેવક કર્યા, વલી માછીજન કેઇ રે;
વલી ચડી માર સંતોષીયા, દ્રવ્ય બહૂ તસ દેઇ એ. ગુણ૦ ૫૦
જૈન અને મિથ્યા મતી, તે ગુરૂને સહૂ જસ બોલે રે;
જ્ઞાંન ક્રિયા ગુણે કરી, કેઇ નાવે તસ તોલે એ. ગુણ૦ ૫૧
રાય પુન્યાઢય તણી પરે,....તપો જે ગુરૂ રાજા એ;
સાહસીક સત્વ તણે ગુણે, જસ ઉદાસીન્ય ગુણ તાજા એ. ગુણ૦ ૫૨
શ્રી ગુરૂ નીશ્ચય સ્થાંનકે, કૃષ્ણ નિસાઇ ઉદ્યોત રે;
થાઇ તે દેખે સહૂ, મનમે અચરી જ હોતરે. ગુણ૦ ૫૩
વલી સુપનથી બહૂ પ્રાંણીને, સંકેત મિસે દિખાવે એ;
તે અનુમાંને જાણીઇ, શ્રીગુરૂ સુરગતિ પાવે એ. ગુણ૦ ૫૪
ગુણનિધિ **શ્રી ગુરૂરાજીયો**, પુન્યવંત પટો ધારી એ;
**શ્રી વિજયપ્રભસૂરી** તણો, મહિમાવંત મનોહારી એ. ગુણ૦ ૫૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રાગ ધન્યાસી.

ઇણિ પરેં શ્રીગુરૂરાય તણા ગુણ, હર્ષ ધરી મેં ગાયા;
તેહથી વંછિત સકલ સમીહિત, શુભપરિ મેં સવિ પાયા રે. ૫૬
ગુરૂ જ્ઞાનવિમલસૂરી ગાયા.
જેહના નાંમ થકી સવિ સંપદ, હોવેં સુજસ સવાયા રે;
મહિમાવંત ગુણનિધિ એ ગછપતિ, અહનિસ ધ્યાનેં ધ્યાયા રે. ગુ૦ ૫૭
તપગછ અંબર માંહિં પ્રગટ્યો, તરૂણિ પરેં તેજ સવાયા;
જે ભવિજન ગુરૂનેં નિતુ સમરેં, તસ સંકટ દૂરિ પલાયા રે. ગુ૦ ૫૮
સંવેગી સોભાગી ગછપતિ, જ્ઞાન ક્રિયાઇં સવાયા;
જે ભવિ પ્રાંણીઇં શ્રીગુરૂ સેવ્યા, તે સવિ સંપદ પાયા રે. ગુ૦ ૫૯
વંછિત પૂરણ સંકટ ચૂરણ, ગુણનિધિ શ્રીગુરૂરાયા;
કર જોડી નિજ સેવક પભણેં, ગુરૂ ગાયેં વંછિત પાયા રે. ગુ૦ ૬૦

**इति गुरुनिर्वाणसम्पूर्णम् । पं० श्रीरत्नविजयेन लिखितम् ॥**

---

# ચારિત્ર ગઠન.

(૨)

(Character Building.)

( ગતાંક પૃષ્ટ ૧૪૩ થી શરૂ )

ગતાંકમાં હમે જણાવી ગયા છીએ કે ચારિત્રની ઉત્તમ ઘટના માટે નીચેની ઉપાદાન સામગ્રી આવશ્યક છે. ( ૧ ) પ્રબળ રસવૃત્તિ, ( ૨ ) શ્રદ્ધા, અને ( ૩ ) સંકલ્પબળ. આ ત્રણે તત્વોની આવશ્યક્તા મન ઉપર દૃઢપણે સ્થિર થયા પછી હવે આપણે કાર્યના પ્રદેશ ઉપર આવીએ છીએ.

પ્રથમ તો ચારિત્રને અનુસરતી ટેવ ( habit ) પાડવાની આવશ્યક્તા છે. તમને કદાચ “ ટેવ ” શબ્દથી નીરાશા ઉત્પન્ન થશે અને આશ્ચર્યથી બોલી ઉઠશો કે શું ટેવથી ચારિત્ર બંધાય છે ? હમે ઉત્તર દેશું કે હા ટેવ ! કેમકે એ “ ટેવ ” શબ્દમાંજ આ સમગ્ર વાતનું ગુપ્ત રહસ્ય સમાએલું છે, આપણું અત્યારનું ચારિત્ર શેનું બનેલું છે એ તમે બારીક ધ્યાન આપી કદી જોયું હશે તો તમને માલુમ પડયું હશે કે તે વંશ ક્રમાનુગત સંસ્કારો અથવા પ્રાપ્ત કરેલી ટેવોનુંજ બનેલું છે. અત્યારે પણ એ વિષયની આલોચના કરી જોશો તો એ વાતની પ્રતીતિ તમને આ ક્ષણે જ મળશે. તમે એવી અનેક પ્રવૃતિ, અનેક કાર્ય કરો છો કે જેમાં તમને કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર અથવા ઉહાપોહ કરવાની જરૂર જણાતી નથી; તેનું કારણ એજ હોય છે કે તેમ કરવાને તમે ટેવાઇ ગયા હો છો, અમુક પ્રકારેજ તમારૂં પ્રવર્તન છે કેમકે તેમ પ્રવર્તવાની તમે ઘણા વખતથી "ટેવ" પાડી છે. તમને હજી એ વાતની શંકા છે? એમ હોય તો તમે તમારી આસપાસ નજર કરો અથવા તમારા પોતાના અંતઃકરણમાં દૃષ્ટિ સ્થાપો, અને તમને જણાઇ આવશે કે તમે ઘણી જુની ટેવો ગુમાવી છે અને નવી ટેવોને તે જુની ટેવોનું સ્થાન આપેલ છે, ચારિત્રનું બંધારણ એ ટેવોનુંજ બંધારણ છે, અને ચારિત્રનું પરિવર્તન એ ટેવોનુંજ પરિવર્તન છે. આ વાત કદાચ તમે આ વાંચ્યા અગાઉ પણ જાણતા હશો અને આથી તમને નવું તત્વ કદાચ નહી મળેલું તમે માનતા હશો, પરંતુ આ વાતને તમારા અંતઃકરણમાં દૃઢપણે અંકિત કરવાથી તમને અનેક મર્મની હકીકત અવગત થશે.

અને તે સાથે બીજું એ સ્મૃતિમાં રાખવું યોગ્ય છે કે ટેવ એ આંતરમનમાં રહે છે, ખરૂં છે કે ટેવનું ઉત્પત્તિ સ્થાન આપણા બાહ્યમનમાં હોય છે, અર્થાત જ્યારે તે નવીજ પડે છે ત્યારે તેને આપણે ભાનપૂર્વક ( consciously ) પોષીને ઉછેરીએ છીએ, પરંતુ જ્યારે તે ટેવ સ્થિર થાય છે ત્યારે તે આપણા અંતઃકરણના અવ્યક્ત પ્રદેશમાં ચાલી જાય છે, પછી તે આપણા ચારિત્રનો વિભાગ બની જાય છે, પછી તે ટેવને અનુસરવા માટે આપણે કાંઇ ખાસ પ્રયત્ન કરવો પડતો નથી, પરંતુ તે ટેવ આપણી પ્રકૃતિભૂત બની જાય.છે. અંગ્રેજીમાં કહેવત છે કે habit is second nature અર્થાત ટેવ છે તે બીજી પ્રકૃતિ છે. અરે ! બીજી પ્રકૃતિ નહી પણ દસ પ્રકૃતિ જેટલું તેનું બળ હમે માનીએ છીએ. ડયુક ઓફ્ વેલીંગટનને ટેવમાં એટલી બધી શ્રદ્ધા હતી કે તે પોતાના સૈનિકોમાં અમુક પ્રકારની ટેવો દાખલ કરવા માટે બહુ યત્નવાન રહેતો, અને જુદી જુદી કસરતો દ્વારા તેના લશ્કરમાં અમુક ઇષ્ટ ટેવો તે નાખ્યાજ કરતો. જ્યાંસુધી તે ટેવ પ્રકૃતિમાં એકરસ ન થાય તેને માટે પ્રયત્ન ન કરવા છતાં તે નિરંતર હાજર રહે તેટલી હદે તે ટેવોનું અનુશીલન કરાવતો.

ટેવના સંબંધમાં Darwain પોતાના સંબંધે એક ઉદાહરણ પોતાના પુસ્તકમાં રજુ કરે છે. તે કહે તો કે " મારામાં ભય પામવાની ટેવ એવા ઉંડા મૂળ ઘાલીને બેઠી છે કે જ્યાં ભયનો સ્હેજ પણ અવકાશ ન હોય ત્યાં પણ હું એકદમ આંચકો પામીને પાછુ હઠું છું. હું જ્યારે પ્રાણીઓના સંગ્રહસ્થાનમાં ( Zoological garden ) જતો અને કાચના પીંજરામાં રાખેલા મોટા સર્પને, પીંજરા ઉપર હાથ અઢેલીને જોતો, ત્યારે કેટલીક વાર તે સર્પ મને કરડવાના ઇરાદાથી પીંજરા ઉપર પોતાની ફેણ અફળાવતો. આ વખતે હું ત્રાસ પામીને થોડા કદમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર ભાગી જતો. જો કે મને પાકી ખાત્રી હતી કે પીંજરાનો કાચ એટલો બધો જાડો છે કે સર્પની ફેણ ગમે તેટલા જોરથી તેની સાથે અથડાય તો પણ તે ભાંગે તેમ ન હતી અને મને ઈજા થવાનો કોઇ રીતે સંભવ ન હતો, છતાં ભયની ટેવનું જોર મને પાછો ખેંચી જતી. કેટલીક વાર તો દૃઢ સંકલ્પ કરીને પાછો નજ હઠવાનો હું નિશ્ચય કરતો, પણ જ્યાં તે સર્પ જોરથી પોતાની ફણા અફાળે કે તુર્ત હું ભાગી જતો અને મારો નિશ્ચય નિશ્ચયને ઠેકાણે રહેતો." સંકલ્પ બળ કરતા ટેવનું બળ અધિક છે એમ ડારવીન માનતો હતો.

પરંતુ અમે હિંમતથી કહીએ છીએ કે ગમે તેવી પ્રબળ ટેવને આપણા ચારિત્રમાંથી આપણે દુર કરી શકીએ તેમ છીએ. સરત માત્ર એટલીજ કે આપણા આંતર મનમાં એ ટેવથી વિરોધી ટેવ દાખલ કરવી અને વિચાર તેમજ કાર્યની એક જુદીજ દિક્ષા ગ્રહણ કરવી.

નવી ઉત્તમ ટેવનો આપણામાં સંચાર થાય તેવો સંકલ્પ કરતી વખતે જ એ ટેવ આપણે પાડતા હોઇએ છીએ તેમ નથી. વાસ્તવમાં એ ટેવને આપણા બંધારણમાં સ્થિર થવાનો ખરો પ્રસંગ એ સંકલ્પ કર્યા પછી જ આવે છે. એ સંકલ્પ અથવા પ્રબળ ઇચ્છા કર્યા પછી આપણું આંતર મન ( subconscious mind ) એ ટેવને પોષવા માંડે છે. આપણે જ્યારે ભાનપૂર્વક અથવા બુદ્ધિના વ્યાપાર દ્વારા ટેવને દાખલ કરતા હોઇએ છીએ. તે વખતે તો આપણે એ કાર્યનો બહુજ થોડો હીસ્સો કરતા હોઇએ છીએ. પરંતુ એ કાર્યને પુરૂ કર્યા પછી જ્યારે આપણા બાહ્ય મનને બીજા કોઈ કાર્યમાં પરોવીએ છીએ ત્યારે આપણું આંતર મન ઉપાડી લે છે અને આપણને ખબર પણ ન પડે તેમ ટેવને આપણી પ્રકૃતિનો વિભાગ કરતું હોય છે. આજે શીખેલો પાઠ આવતી કાલે સરલ થાય છે તેનું કારણ એજ હોય છે કે દરમ્યાનના વખતમાં આંતર મને એ પાઠ ઉપર બહુ કામ કરેલુ હોય છે. આંતર મનમાં એક સંસ્કાર મુકીએ તો તે દરમ્યાનના સમયમાં એ સંસ્કારના ઉપર કામ કર્યે જાય છે અને તેને બળવાન બનાવે છે. આ પ્રકારે ટેવો દાખલ કરવાનું ખરૂ કામ આપણા મનનો અવ્યક્ત વિભાગ જ કર્યે જાય છે. આપણા બાહ્ય મનને માત્ર તે પ્રકારનો સંસ્કાર દાખલ કરવાનું જ છે અને એ સંસ્કાર જેવા સંકલ્પ બળ પૂર્વક, તીવ્રપણે, ધ્યાન પૂર્વક નખાય તેના ઉપર એ ટેવના પોષણનો આધાર રહે છે.

એક લેખકે ઠીક કહ્યું છે કે " Sow an act, reap a habit, sow a habit reap a character, sow a character, reap a destiny. " અર્થાત 'કાર્યનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજ વાવો, અને ટેવરૂપી ફળ મેળવશો, ટેવનું બીજ વાવો, અને ચારિત્રરૂપી ફળ મેળવશો, ચારિત્રરૂપી બીજ વાવો, અને ઉત્તમ જીવનરૂપી તેનું ફળ મેળવશો. આ પ્રકારે ટેવ એજ ચારિત્રની નીયામક છે. બાળકોનું ચારિત્ર કેળવવા માટે, આવા પ્રકારે તેમના અંતઃકરણમાં દાખલ કરેલી ઉત્તમ ટેવો ભવિષ્યમાં કેવું સુંદર કામ કરે છે તે સમજાવવાની જરૂર નથી. આપણા દર્શનવેત્તાઓ અને ધર્મશીલ મહાનુભાવો એ બાલ્યકાળથીજ ઉત્તમ ટેવો દાખલ કરવાની જે પદ્ધત્તિઓ અને આચારો વિહિત કરેલા છે, તેની ખરી કીમત અને ઉપયોગીતા આ પ્રકારનું ચારિત્ર કેળવવા માટેજ સમજવાની છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને સંતોષ એ આ વિશ્વ તેમજ પરલોકમાં સુખ મેળવવાના પરમ સાધનો છે. એવો આપણા મહાજનોનો સંપૂર્ણ નિશ્ચય હોવાથી, તે સદ્ગુણો આપણા હૃદયનો એક અવિછેદ્ય અંશ બની જાય તે અર્થે તેના અનુશીલન ઉપર તેમણે એટલો બધો ભાર મુકયો છે કે તેના પુનઃ પુનઃ વાંચન, શ્રવણ, વર્તન આદિથી તે સર્વ આપણામાં સુવિહિત ટેવ રૂપે પરિણમી શકે. એ ટેવ જયારે આપણામાં દ્દઢ થાય છે, ત્યારે આપણા બધા કાર્યમાં તે પ્રેરક શક્તિ ( motive power ) રૂપે વર્તે છે. અર્થાત્ આપણી બધી પ્રવૃત્તિમાં તે સહચારી ભાવે હોય છે. જો કે આપણને તે વખતે તે હેતુ પ્રેરકબળ કે ટેવ એકેનું વ્યકત ભાન કે ઉપયોગ ( Consciousness ) હોતો નથી, છતાં વાસ્તવમાં આપણે તે કાળે એક બળવાન ઉત્તમ ટેવની ઉત્તેજનાવડેજ પ્રવર્તતા હોઇએ છીએ. Herbert Spencer નામના એક ઉત્કૃષ્ટ પંક્તિના વિદ્વાને ખરૂં કહ્યું છે કેઃ—"The habitually honest man does what is right not consciously because he 'ought' but with simple satisfaction; and is ill at ease till it is done." અર્થાત જેને પ્રમાણીકપણું ટેવરૂપ બની ગયું છે એ વ્યાજબીજ કરે છે, અને તેમ વ્યાજબી કરતી વખતે તે એમ સમજીને નથી કરતો કે વ્યાજબી કરવું એ મારી ફરજ છે માટે કરૂં છું, પણ જ્યાંસુધી તેમ ન થાય ત્યાંસુધી તેને ચેન પડતું નથી."

ઘણા વિચારકો અને લેખકો એમ માનતા હોય છે કે ઉપયોગ વિના ભાન રહિતપણે આચરેલું સદાચરણ કાંઇ કામનું નથી. કેમકે ત્યાં સુવિકસિત નૈતિક જ્ઞપ્તિ (Devoloped moral consciousness) ને અવકાશ હોતો નથી. આ મત અનેક ઉત્તમ કોટીના વિદ્વાન મનુષ્યો ધરાવતા જણાય છે. દાખલા તરીકે અમેરીકાનો સમર્થ વિદ્યમાન પંડિત Josiah Royce એક સ્થળે એમ જણાવે છે કે "The establishment of organised habit is never in itself enough to ensure the growth of an enlightened moral

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Consciousness " એટલે કે " માત્ર અંગભૂત બની ગયેલી કોઈ ટેવ, જ્ઞાનપૂર્વક નૈતિક ભાન ઉપલબ્ધ કરવા માટે પુરતી નથી. " હમે આ મત સામે હમારો નમ્ર અવરોધ રજુ કરીએ છીએ. અમારી દલીલ એટલીજ છે કે ગમે તેવી ટેવ માટે પ્રથમ એ ટેવને અનુસરતી ઇચ્છા, માગણી, રસવૃતિ હોવીજ જોઇએ. તેમ ન હોય તો એ અંગભૂત અને પ્રકૃતિમાં એકરસ બનેલી ટેવને અવકાશજ કયાંથી હોત ! અને જ્યારે એ ઇચ્છા કે માગણીને એ ટેવની પૂર્વગામી તરીકે સ્વીકારાય ત્યારે એમાં ઉપયોગ અને નૈતિક ભાનનો સ્વતઃ સ્વીકાર અને સમાવેશ થઇ જાય છે. પ્રથમ ઇચ્છા કાળે નૈતિક ભાન હોયજ છે અને એમ હોય તોજ તેને અનુસરતુ વર્તન અને વર્તનને અનુસરતી ટેવ બંધાય છે. અત્યારે આપણામાં અહિંસાની વૃતિ ટેવ રૂપે બની ગએલી છે તેનું કારણ કોઈ કાળે પૂર્વ જન્મમાં તે વૃતિ તરફ આપણી સંપૂર્ણ રૂચિ, અને અભિલાષા હોવી જોઇએ. એમ ન હોત તો આ કાળે તે વૃતિ એક સુવિહિત ટેવ રૂપે, સહજ ભાવે આપણામાં હોઈ શકત નહી. પ્રથમ અવશ્ય તે વૃતિ ફરજ રૂપે, ધર્મ રૂપે આપણા નૈતિક પ્રદેશમાં સ્થાન મેળવે છે અને આપણી પાસે તે વૃતિને અનુસરતું વર્તન કરાવે છે. પુનઃ પુનઃ વર્તનથી તે ટેવરૂપ બની આખરે સ્વયંવહ ( automatic ) બની જાય છે, પછી તો તે આપણા આંતર મનમાંજ રહે છે અને ત્યાં રહ્યા રહ્યા આપણી બધી પ્રવૃતિ ઉપર અસર ઉપજાવે છે. તેને અનુસર્યા વીના આપણને કદી ચેન પડતું નથી.

આ પ્રકારે આપણે જોઇ શકીએ છીએ કે ચારિત્રનું ઘડવું, ફેરવવું, રચવું, નવીકરણ કરવું એ સર્વ " ટેવ " ઉપર અવલંબીને રહેલું છે. બાલ્યકાળથીજ પડી ગયેલી ઉત્તમ ટેવો ભવિષ્યમાં પ્રકટવા યોગ્ય વિજય વૃક્ષના બીજ તરીકે કાયમ રહી હોય છે. નાનપણમાંજ પ્રમાણીકપણાની ભાવના દઢ અંકિત થાય તો મોટી વયે તે ટેવને અનુસર્યા વીના તેને ચાલતુજ નથી. તેજ પ્રકારે નાનપણમાંથીજ ખંત, ઉદ્યોગ, ધૈર્ય, પ્રયત્ન આદિ સુંદર ટેવો પડી ગયેલી હોય તો મોટી વયે તે સર્વ દેશીય વિજયની ઉપાદાન સામગ્રીનું કાર્ય બજાવે છે. વ્યક્તિનું, સમાજનું, દેશનું કે વિશ્વનું કલ્યાણ એ ટેવોની સારતા કે અસારતા ઉપર અવલંબીને રહેલું છે. જે દેશોમાં કે સમાજોમાં એ " ટેવો " કેળવવા ઉપર લક્ષ્ય અપાતું નથી તેની ઉપર અધોગતિ અને નિષ્ફળતાની છાપ નિરંતર પડેલી રહેલીજ જોવામાં આવે છે સારી ટેવોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ન્યુન છે. ( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અનિત્યતા દિગ્દર્શન.

### હાય થઇ અતિ હાનિ—એ રાગ.

રહ્યું અમર ન કોઈ જારી, કરે શીદ મારામારી—રહ્યું ટેક.

બાળ કાળ જીવ સરલપણાથી, વ્યતિત કરે સુખવાસ;
પછી વિદ્યાભ્યાસ પિપાસ, (૨) વિનોદ વિલ્લાસ.

મસ્તા યારી.............રહ્યું. ૧

તરૂણપણે જર જમીન જોરૂની, લાલચમાં લપટાય;
કરી પ્રપંચ મન મકલાય, (૨) પ્રભુ ન ભજાય.

મોહ ભારી................રહ્યું. ૨

વૃદ્ધપણે મન ગાત્ર ગળે પણ, આશા નહી ઉભરાય;
અંતે તે ભવોદધિ માંહ્ય, (૨) વિલય થઇ જાય.

ગતિ ચારી..............રહ્યું. ૩

ક્ષણમાં ભષ્મ થનાર પતંગીયો, કેમ ઉડે આકાશ ?;
ચળકે કુશ બિંદુ પ્રકાશ, (૨) નિમીષમાં નાશ.

થાય વા'રી................રહ્યું. ૪

વાસ્તવિક સ્થિતિ જીવની એવી, પડે ન પાર ઉમેદ;
પણ મોહ કષાયથી ખેદ, (૨) કરે છળ ભેદ.

રાત દા'ડી..............રહ્યું. ૫

જીવન રેખા ચંચળ જાણી, ભજ પ્રભુ નામ અખંડ;
કર સુકૃત **સાંકળચંદ**, (૨) સદા આનંદ.

લહો ભારી...............રહ્યું. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આમરણ ગામમાં થયેલ પ્રાંતિક કોન્ફરન્સની પહેલી બેઠકમાં આપેલું મુનિશ્રી લલીતવિજયજી મહારાજનું ભાષણ.

यस्यनिखिलाश्चदोषाः न संति सर्वे गुणाश्च विद्यंते ।
ब्रह्मा वा विश्नुर्वा हरोजिनो वा नमस्तस्मैः ॥ १ ॥

રાજકુમાર મંડળ, અમલદાર વર્ગ તથા સર્વ બંધુઓ !

આજ આનંદની સાથે મારે પ્રદર્શિત કરવાનો સમય પ્રાપ્ત થયો છે કે જે સમયમાં જે ઉન્નતિના માર્ગોને આપણે બધા ઘણા દીવસોથી ચાહતા હતા તે પુન્યયોગે આજ પ્રાપ્ત થયો છે, સોનું એ કીમતી પદાર્થ છે, પણ તેમાં સુગંધી હોતી નથી, જે કાર્ય સર્વાંગ સુંદર થાય છે અથવા તો સર્વાંશે મનઇચ્છિત નીવડે છે, તેને સંસારની રૂઢી પ્રમાણે સોનાને સુગંધી એવી ઉપમા આપવામાં આવે છે. જે કાર્યની શરૂઆત ગઇ કાલથી થઈ ચુકી છે અને જે કાર્યનો હાલ આજે પ્રારંભ કરવામાં આવે છે તે કાર્ય તેવુંજ છે. એક તો પ્રભુ પ્રતિષ્ઠા અને બીજો પ્રાન્તિક કોન્ફરન્સનો મેલાવડો. આવા પ્રસંગો કદાચિત-કથંચિત ભાગ્યેજ જોવામાં આવે છે. અને ભાગ્યવાનોજ આવા કાર્યને ઉત્સાહ પૂર્વક અથથી તે ઇતિ પર્યંત પાર પહોંચાડે છે.

આજનો વિષય કેળવણીનો છે. કેળવણી એ એક શિક્ષાવાચક શબ્દ છે, અને તેના સંબંધમાં આજે આ મંડપમાં ઉપસ્થિત અનેક વકતાઓ તરફથી ઘણું કહેવામાં આવ્યું છે. છતાં તેજ વાતને કાંઇક ભિન્ન શૈલીથી કહી આપ લોકોને તે ઉપર વિચાર કરવાની તથા મળેલા યોગ્ય સાધનોને સફળ કરવાની ભલામણ કરૂં છું.

શિક્ષા એ એવો તો ગંભીર અને વિશાલ વિષય છે કે જેના ઉદરમાં સૃષ્ટિનાં તમામ સતકાર્યોનો સમાવેશ થઇ જાય છે, આજે મારા પહેલાં મહાશય વક્તાઓએ વ્યવહારિક, નૈતિક, ઔદ્યોગિક તથા ધાર્મીક શિક્ષાને માટે ઘણું તે પણ બહુ સારૂં કહ્યું છે, હવે તે વિષયપર વિશેષ કહેવું તે યદ્યપિ પીષ્ટપેષણ જેવું છે તોપણ તમારી બધાની ખાસ પ્રેરણા મારા હૃદયને પ્રેરે છે. જાણવું, કહેવું, અને કરવું એ ત્રિપુટી દરેક કાર્યની સિદ્ધિમાં અસાધારણ કારણ ગણાય છે. સદાકાલથી આ એક કુદરતી નિયમ ચાલ્યો આવે છે કે જેના મનમાં, વાચામાં અને ક્રિયામાં એકસરખો વર્તાવ હોય તેજ પ્રારંભ કરેલ કાર્યને ઠેઠ સુધી પહોંચાડી શકે છે અને તેનુંજ કરેલ કાર્ય અનુકરણીય હોય છે. દરેક કાર્ય કરતાં પહેલાં મનને વિચારશીલ ગંભીર તથા સહનશીલ બનાવવાની જરૂર છે. જો કે સારા કામોમાં વિઘ્નો પણ આવે છે પણ તે વિઘ્નોથી ન ડરતાં તેનો અભાવ કરી નિષ્ટા રાખવાથી કાર્યસિદ્ધિ થાય છે તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મર્ણ હશે કે મહારાણા પ્રતાપ ઉપર ઘણાં વર્ષો સુધી વિપત્તિ પડી છતાં પણ મહારાણાએ તેની કશી પણ દરકાર ન રાખતાં પોતાના ઇચ્છીત કાર્યમાં સાવધાનતા રાખી, ધૈર્ય રાખી પરોપકારનું કાર્ય કર્યું, એક વખત રાણા વાસ્તે એવો પણ આવ્યો હતો કે જે વખતે તેણે આ આપત્તિઓથી કાયર થઇ પ્રાણ ત્યાગનો સંકલ્પ કર્યો હતો તે ખબર જ્યારે વીકાનેરના પૃથ્વીસીંગજીને મલી કે તેમણે તત્કાલ મહારાણા પ્રતાપને એક કાગળ લખ્યો કે જેમાં ક્ષત્રિયોચિત્ નીચે લખેલ ભાવાર્થ હતો.

**चाहे सदैव सहेना हरिवज्रताप, पैनाक दूर करना न कदापि आपत्ति ।**
**जाना न भूल जलधे ये वर्णयंति, अंगीकृतं सुक्रातिनः परिपालयंति ।।**

આ પદનો ભાવાર્થ એવો છે કે પુરાણોમાં એવી પણ એક કથા છે કે પૂર્વ-કાલમાં પર્વતોને પાંખો હતી તેની સાથે એવો પણ તેઓનો સ્વભાવ હતો કે જ્યાં સૂર્ય અસ્ત થાય ત્યાંજ તે સ્થિર થઇ જતા આ બનાવથી સંસારમાં ઘણાં શેહેરો ઘણાં ગામો અને ઘણાં પશુ પક્ષીઓ પર્વતો નીચે દબાઈ મરી જતા, લોકોએ રૂષીઓ પાસે જઈ પોતાના દુઃખની વાત કહી તે સાંભલી રૂષીઓ લોકોએ તપોબળથી ઇંદ્ર મહારાજને આરાધન કર્યા ઇંદ્ર મહારાજાએ સાક્ષાત આવી પુછયું કે મને શી આજ્ઞા છે રૂષીઓએ લોકોનાં દુઃખની વાત કહી એટલે ઇંદ્ર મહારાજાએ પોતાનું બલીષ્ટ-વજાસ્ત્રથી તમામ પર્વતોની પાંખો ભેદી નાખી તે વખતે મૈનાક પર્વતને કાંઇક બુદ્ધિ સુજવાથી તે સમુદ્રને શરણે ગયો. ઇંદ્ર માહરાજને તે ઘટનાંની જ્યારે સૂચના થઇ કે તેને જાજવલ્યમાન વજાસ્રને સમુદ્ર ઉપર મૂકયો તે વખતની આ ઘટના છે. સમુદ્રની તે સ્થિતિ જોઇ કવી મહાસાગરને ધૈર્ય અખંડ રાખવા વાસ્તે આ પદ્યદ્વારા બોધ આપે છે હવે આ પદ્ય વાંચી માહારાણા પ્રતાપસિંગે દીનતાને તથા ઔદાસીન્યને જલાંજલી દેઇ પહેલાંની પેઠે પરોપકારમાં પ્રવૃત્તિ કરી. આ ઉપરથી સર્વ સભ્યજન સમજ્યા હશો કે મહારાણા પ્રતાપ તથા આપતી સમયમાં તેમને ધૈર્ય પમાડનાર મહારાજા પૃથ્વીસીંગ જેવી સ્થિરતા રાખવાથી જ પ્રારંભીત કાર્યમાં સફલતા મળે છે અને શીક્ષાનું પણ એજ ફલ છે કે જેમ બને તેમ સ્વ કાર્યમાં તથા પર કાર્યમાં સાવધા-નતા રાખી વિજય મેળવવો. નહિ સુપ્તસ્યસીંહસ્ય મુખે પ્રવિશંતીમૃગાઃ

સંસાર ભરનાં વિદ્વાનોને તથા દરેક સંપ્રદાયનાં શાસ્ત્રોને સંમત અખંડ તથા અવીચલ સિદ્ધાંત છે કે પરોપકારાય સતાંવિભૂતયઃ

અને આપના આજના વિષયનો પણ મૂલ ઉપદેશ એજ છે એટલું જ કહી આજનું વ્યાખ્યાન તથા કાર્ય ક્રમ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન આચાર વ્યવહારની શુદ્ધિના પ્રાચીન દૃષ્ટાંતો.

જૈન આગમમાં પ્રતિક્ષણે આચાર–વ્યવહાર શુદ્ધિના પ્રસંગો ઘણાં આવે છે અને તેની અંદર નીતિ, પ્રમાણિકતા, સત્યનિષ્ટા અને શુદ્ધતાને ઉત્તમ પ્રકારે પ્રતિપાદન કરેલા છે, પ્રાચીન કાલે થઇ ગયેલા વ્યવહાર-કુશળ જૈન પુરૂષોના ચરિત્રોમાં પણ એ વિષે સારો પ્રકાશ પડે છે. અનેક જૈન મહાત્માઓ સત્ય તત્ત્વનો પ્રકાશ પાડવાને માટે મહાન્ પ્રયત્નો કરતાં દેખાયાં છે. જનસમાજ ઉત્તમ વ્યવહારશુદ્ધિ મેળવી શકે, તેને માટે વિવિધ દેશનાના ધ્વનિઓ પણ તેમણે જ પ્રગટાવ્યા છે. જેના પ્રતિધ્વનિ અદ્યાપિ સાંભળવામાં આવે છે. જો અત્યારે પણ તે વ્યવહારશુદ્ધિના લેખોનો વિચાર કરવામાં આવે તો આપણને ચોક્કસ રીતે જણાશે કે, આપણા વિદ્વાન્ પૂર્વજો તે આચાર–વ્યવહાર શુદ્ધિના ભંડારને ખોલવાની કુંચી આગમરૂપે આપી ગયા છે, પણ એ કુંચી મેળવવાને માટે આપણે ઉપેક્ષા કરીએ છીએ. આપણો ધર્મ અને વ્યવહાર રૂપાંતર પામતો જાય છે, પણ તે યશસ્વી થઇ આજસુધી હજુ ટકી રહ્યો છે. તે કારણ કોઇ પણ પ્રકારનું ચાતુર્ય આપણા વ્યવહારની રચનામાં હોવું જોઇએ. એ ચાતુર્ય કયુ, તે જોવાને આપણા ધર્મ અને વ્યવહારના આચારમાં કિંવા પરિસ્થિતિમાં કાંઇપણ વિશેષ મહત્ત્વ છે કે કેમ, તેનો આપણે વિચાર કરવો જોઇએ.

આચાર અને તન્મૂલક ધર્મ આ બાબતનો વિચાર કરતાં એવું જણાઇ આવે છે કે ધર્મના નીતિતત્વો અને આચારનો મેળ બેસાડવા ઉપર આપણા વ્યવહારના પ્રવર્ત્તકોનું શ્રેષ્ટત્વ અવલંબીને રહેલું હોય છે અને આપણા ધર્મશાસ્ત્રકારોએ જે વ્યવહાર તત્વની માંડણી કહેલી છે, તેમાંના કેટલાએક તત્વો આપણ પરંપરાએ સ્થાનારોહણના ક્રમથી ઉચ્ચ કોટી ઉપર લહી જવા વગર રહેતા નથી. આ બાબતના દૃષ્ટાંત તરીકે પંડિત શ્રી **શુભવર્દ્ધનસૂરિએ** પોતાના ઋષિમંડળ ગ્રથમાં આપેલા કેટલાએક ચરિત્રો મનન કરવા જેવા છે. તે ઋષિમંડળના કર્ત્તાએ જો કે તે ચરિત્રો સામાન્યરૂપે વર્ણવેલા દેખાય છે, પણ તેમાંથી વ્યવહારશુદ્ધિના ઘણાં દૃષ્ટાંતો મળી શકે છે. ચક્રવર્ત્તી સનત્કુમારનું જીવનચરિત્ર અવલોકતાં એવું એક નીતિસૂત્ર જણાય છે કે, અનેક પ્રકારના લાભો અને લાલચો મળતાં છતાં પણ ઉત્તમ પુરૂષે શરણે આવેલાનું રક્ષણ કરવું જોઇએ. ચક્રવર્ત્તી સનત્કુમાર અને સુનંદા રાણીના પ્રસંગમાં તેમનો તે શરણાગત વાત્સલ્યનો અદ્ભુત મહિમા દેખાયો હતો. સનત્કુમારચક્રીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બલવાન્ અનેક વિદ્યાધરો સાથે વૈર થવાના પ્રસંગો આવ્યા છે, અને તેને અંગે કેટલીએક વિપત્તિઓ ભોગવવી પડી છે, તથાપિ તે મહાન્ ચક્રીએ પોતાના શરણાગત વાત્સલ્યના ધર્મનેવિસાર્યો નથી. તે ચક્રવર્ત્તી એક વિદ્યાધરની પુત્રીને પરણ્યો હતો. તેની ખરી મહારાણી સુનંદા હતી તથાપિ તે બંનેની ઉપર સમાન ભાવ રાખતો હતો. આખરે તેને **વિનયંધર** નામના આચાર્યનો સમાગમ થયો. ત્યારે તેનામાં વૈરાગ્યભાવના પ્રગટી હતી. તથાપિ તેણે પોતાની પ્રજામાં શુદ્ધ વ્યવહાર પ્રવર્ત્તે એવી યોજના કરી હતી. પોતાની પ્રજા જો શુદ્ધ વ્યવહાર માર્ગે પ્રવર્ત્તે તો તેમનામાં અધિક મનોબળ, અધિક પવિત્રતા અને અધિક કાર્યક્ષમતા આવી શકે, એમ તે દૃઢ રીતે માનતો હતો.

સાંપ્રતકાળે આપણું લક્ષ જે શુદ્ધ વ્યવહાર તરફ ઓછું છે, તેજ આપણી ઉન્નતિનું બાધક થાય છે. પ્રત્યેક સમાજે ધર્મના તત્વની પહેલાં આચાર ઉપર અધિક નજર કરવી જોઇએ. દીર્ઘદર્શી વિદ્વાનો આચારનેજ ધર્મનો પાયો ગણે છે. જો આચારની અવ્યવસ્થા હોય તો ધર્મની વ્યવસ્થા ટકી શકતી નથી, એમ તેઓની માન્યતા છે. આપણે તે અત્યારે નજરે જોઇએ છીએ. આચારની મર્યાદા તુટવાથી આપણી જાતિની મહત્તા ઘટી ગઈ છે. અને તેથી ઇતરજનો જૈનોના આચાર–વિચારનો અવર્ણવાદ બોલવાને મંડી જાય છે.

આચાર અને વ્યવહાર ને પરપસ્પર ગાઢ સંબંધ છે. શુદ્ધ વ્યવહારમાંથી શુદ્ધ આચાર પ્રવર્ત્તે છે અને શુદ્ધ આચારમાંથી શુદ્ધ વ્યવહાર પ્રવર્ત્તે છે. ઋષિમંડળકારે પદ્મ–બળદેવના ચરિત્રમાં એવા ઘણા પ્રસંગો આપેલા છે. જગતમાં **રામ**ના નામથી પ્રખ્યાત થયેલા **પદ્મ** બલદેવે પોતાના પ્રવર્ત્તનમાં વ્યવહારશુદ્ધિનો પ્રકાશ એવો પાડયો છે કે, જે સાંપ્રતકાળે આપણને અત્યંત શિક્ષણીય છે. જનકપુત્રી સીતાએ અનેક વિપત્તિઓ ભોગવી પરંતુ લોકાચારને કલંક લાગે એવી વાત કદિ પણ કબુલ કરી નથી. રામચરિત્રમાંથી વ્યવહાર અને આચારના એવા ઉત્તમ પ્રસંગો આવે છે કે, જે ઉપરથી આપણા જનસમાજને ઘણો બોધ મળી શકે છે. સાંપ્રતકાળે આપણામાં વિચાર અને આચારની એકતા દુર્ઘટ થઇ પડી છે. આપણામાં જેમ જેમ માણસ સાંસારિક સમૃદ્ધિ અને સંબંધોની ટોચે પોહોચતો જાય છે, તેમ તેમ તેનામાં વ્યવહાર શુદ્ધિને આપનારા આચાર–વિચારોની દુર્ઘટના વધતી જાય છે. આથી કરીને સમાજમાં તે કાંઇ પણ લાભ કરી શકતો નથી, પરંતુ ઉલટું તેના તરફથી કલહ કલેશ, વિવાદ, વિગ્રહ અને અનેક વિટંબનાઓ ઉપજે છે. આપણે અત્યારે જોઇ શકીએ છીએ કે, ઉન્નતિને માર્ગે ચાલતા એવા પ્રવાહને સ્ખલના કરનારા એવા મોટાઓજ નજરે પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન્ મલ્લિનાથ પ્રભુના ચરિત્રનું અવલોકન કરશો તો જણાશે કે, ઉત્તમ શ્રાવકનું વર્ત્તન કેવું હોય તે તે ચરિત્રમાં આવેલા **અર્હન્નક** નામના શ્રાવકના ચરિત્ર ઉપરથી દેખાઇ આવે છે. સમૃદ્ધિ અને સત્તામાં ચડીઆતા થએલા શ્રાવકે પોતાની કાર્યસાધક શક્તિનો કેવો ઉપયોગ કરવો જોઇએ ? તે પ્રથમ વિચારવાનું છે. તેણે તો પ્રથમ સમાજની વ્યવસ્થા જાળવવા પ્રયત્ન કરવો જોઇએ. જે સમાજમાં પોતે જન્મેલો છે, તે સમાજ કેવી રીતે ઉન્નતિએ આવે ? અને મનુષ્ય જીવિતનો હેતુ કેવી રીતે સચવાય ? એ વિષે વિચારી તેણે પોતાની કાર્યસાધક શક્તિનો ઉપયોગ કરવા પ્રવર્ત્તવું જોઇએ. અને પોતાના સમાજની અંદર કાયિક અને માનસિક વ્યવહાર શુદ્ધ અને ઉજ્વળ બને તેને માટે ઉચ્ચ ભાવના જાગ્રત કરી બીજામાં તે જાગ્રત કરાવવાને તન, મન અને ધનથી મહાન્ પ્રયત્ન કરવો જોઇએ. મહાનુભાવ **અર્હન્નક** શ્રાવકના હૃદયમાં ઉચ્ચ ભાવનાનો દૃઢ વાસ હતો, તેથી પોતાના જીવનમાં અનેક અંતરાયો આવ્યા છતાં પણ તેણે સમાજસેવાનો ઉચ્ચ માર્ગ છોડયો નહતો. આ સદ્ગુણને લઇને તે આ લોક તથા પરલોકનો ઉત્તમ સાધક બન્યો હતો.

સાંપ્રતકાળે શ્રાવિકા માતાઓના ઉદરમાંથી **અર્હન્નક** જેવા મહાન્ પુત્રો જન્મતા નથી. અને કદિ કોઇ કોઇ જન્મે છે. તો સાંપ્રતકાળના જૈન સમાજના દુર્ભાગ્યને લઇને તેઓ નેતા પદ ઉપર આવી શકતા નથી અને કદિ સદ્ભાગ્યે કોઇ આવે છે, તો તે બીજા અયોગ્ય નેતાઓના મંડળમાં ભળી જાય છે અથવા તેમનાથી દબાઇ જાય છે. આપણા આગમમાં દાક્ષિણ્યતાનો ગુણ ઉત્તમ ગણેલો છે, પણ એ ગુણના ઉપયોગને માટે ઘણો ભાગ હજુ સુધી અજ્ઞાન રહ્યો છે. દાક્ષિણ્યતાનો અર્થ ડાહાપણ અથવા બીજાની મરજી સાચવવી કે અનુકૂળ રહેવું એવો થાય છે, પણ તેનો તાત્વિક અર્થ કેવો છે, તે વિષે હાલ ઘણો થોડો વિચાર કરવામાં આવે છે. દાક્ષિણ્યતાનો તાત્વિક અર્થ એવો છે કે, જેઓ નીતિ પ્રમાણિકતાથી વિચાર કરી કોઇ પણ સામાજિક કાર્યનો નિર્ણય કરતા હોય અને તે સાથે તેમના હૃદયમાં સમાજનું હિત કરવાની ખરી શુદ્ધ વૃત્તિ હોય, તેવાઓને અનુકૂળ રહેવું, તે ખરી દાક્ષિણ્યતા છે. અને તેવી દાક્ષિણ્યતામાં જ સદ્ગુણનું સ્વરૂપ રહેલું છે. પરંતુ આજકાલ તો દાક્ષિણ્યતાને એક ખુશામત રૂપે ગણવામાં આવે છે. તેથી તેને લઇને સારા નેતાઓ પણ યોગ્ય સેવા કરી શકતા નથી.

સાંપ્રતકાળે આપણે કેવા નેતાઓ જોઇએ છીએ, તે આપણે આપણા સમાજની સમક્ષ જાહેર કરવું. જોઇએ. જેઓ અનુપમ દૃઢતા અને દીર્ઘદૃષ્ટિથી પોતાની શુદ્ધ બુદ્ધિના જયને માટે વિશ્વાસ રાખીને અને કર્ત્તવ્યને પ્રસંગે હીંમતથી સઘળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબદારી માથે વ્હોરી લઈને સમાજના હિતને માટે તત્પર રહે છે, જેઓ બીજા ઉચ્છૃંખળ અને સ્વાર્થી નેતાઓને ઉન્માર્ગે ચડતાં રોકે છે, અને જેઓ વિરલ સમતાથી કર્ત્તવ્ય કરે છે અને એ કરવામાં કેવળ સમાજના હિત ઉપર જ લક્ષ રાખે છે, તેઓ જ ખરા નેતાઓ ગણાય છે. આવા નિર્ભય, દક્ષ અને અખૂટ સામર્થ્યવાળા નાયકો આપણાં સમાજમાં મળવા કઠિન થઈ પડ્યાં છે.

આજકાલના શેઠીઆઓમાં ખરૂં નેતાપણું જોવામાં આવતું જ નથી. પરંતુ કીર્તિનો લોભ, સ્વાર્થપણું અને સત્તાનું પકડી રાખવાપણું રહેલ હોય છે. જેમના હૃદયમાં વ્યવહાર કે આચારની શુદ્ધિના ઝાંખા પણ અંકુરો ન હોય, તેવા નેતાઓ પાસેથી આપણો સમાજ વ્યવહાર અને આચારની શુદ્ધિની આશા શી રીતે રાખી શકે ? સાંપ્રતકાળે આપણા સમાજનું ભાગ્ય ચડીઆતું નથી. ચાલતા સુધારાના યુગને લઈને આપણાં સમાજમાં કદિ કોઈ સારી કેળવણી લઈ આગળ પડનારા થાય છે, પરંતુ તેઓના હૃદયમાં સમાજ સેવાના ધર્મની ભાવના પ્રગટતી નથી અને કદિ પ્રગટે તો તેમનામાં આત્મભોગ આપવાનું સામર્થ્ય આવતું નથી. જ્યાંસુધી સમાજને એવા કેળવાએલા, અને આત્મભોગ આપનારા સમાજ સેવક નેતાઓ મળશે નહીં, ત્યાંસુધી આપણો સમાજ ઉન્નતિના સાધનો મેળવવાને ભાગ્યશાળી થશે નહીં; એટલું જ નહીં પણ જે અત્યારે પ્રત્યેક સ્થાને સમાજની અંદર અનંત કલહ, કલેશ, વિવાદ, વિગ્રહ, અને વિટંબનાઓ ઉભી થવાથી સમાજની વિવિધ સંસ્થાઓમાં અવ્યવસ્થા ચાલે છે અને અંધ શ્રધ્ધા અને ગાડરીયો પ્રવાહના જેવી લોકોની પ્રવૃત્તિ થઇ રહી છે, તે ચાલુ જ રહેવાની. જેથી આપણા સમાજની દુર્દશા દૂર થઇ શકશે નહીં.

ઋષિમંડળમાં આપેલા કાર્તિકશેઠનું ચરિત્ર અવલોકશો તો તેમાંથી વ્યવહાર અને આચારની શુદ્ધિને માટે અનેક ઉદાર પ્રસંગો મળી શકશે. જોકે તેમાં તો કાર્તિક શેઠનું સામાન્ય ચરિત્ર આપેલું છે, પરંતુ તે ઉપરથી વિવિધ પ્રકારના આદર્શરૂપ જીવન બનાવવાના શિક્ષણો મળી શકે છે. તે મહાન્ ઉચ્ચ વૃત્તિવાળા કાર્તિક શેઠને થયેલો ગૈરિક નામના મિથ્યાત્વી તાપસનો પ્રસંગ તે સ્વધર્મ અને સ્વકર્ત્તવ્યમાં એકનિષ્ટા અને દૃઢતા રાખવાનો ઉત્તમ બોધ શિખવે છે. આ શીવાય બીજા સમાજ સેવાના મહત્ કાર્યો તે મહોદય શેઠ તરફથી થયા હતા. મહાનુભાવ કાર્તિક શેઠે સમૃદ્ધિ અને વૈભવની દરકાર કરી નથી. અને પ્રાપ્ત થયેલા વૈભવને પોતાના ઉપકારી જીવનનું કેંદ્ર બનાવ્યો નથી. તેના હૃદયની ભાવના એ હતી કે, જનસમાજની જો કાંઇ સેવા થાય, ધર્મબંધુઓને ઉદયની દિશાઓ બતાવી શકાય, અને લોકકલ્યાણના માર્ગો સ્વહસ્તે ઉઘાડી શકાય તો આ મનુષ્ય જીવન સર્વ રીતે સાર્થક થાય, તે થયા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનઃક્ષોભથી વિમુક્ત થવા, ભવિષ્યની ચિંતા અને વર્ત્તમાનનો ઉપયોગ કરી રહેવાને પ્રવર્ત્તવું અને મનુષ્ય પ્રાપ્ય એવા જે જે મહાસુખ મનાય છે, તે સર્વ વસ્તુતાએ સુખ નથી, આવું માની દેશ અને કાળથી રહેવાનો મહામાર્ગ સ્વીકારવો.

મહાનુભાવ કાર્ત્તિક શેઠની આ દૃષ્ટાંતરૂપ ભાવનાઓને ભાવનારા શ્રીમંતો અને વિદ્વાનો આપણા સાંપ્રત કાળના સમાજને ક્યાંથી મળી શકે ? જોકે અન્ય દેશ અને અન્ય કોમની ઉન્નતિ જ્યારે આપણે નજરે જોઇએ છીએ ત્યારે આપણાં હૃદયમાં આશાના અંકુરો પ્રગટ થાય છે, પરંતુ એ આશા સફળ થવી તે અત્યારે આકાશ-કુસુમવત્ છે.

સાંપ્રતકાળે આપણો વ્યવહાર અને આચાર ઘણો જ અવ્યવસ્થિત થઇ ગયો છે. આપણાંમાં એ વ્યવસ્થાની હાનિને લઇને આપણે ઉચ્ચ પંક્તિમાંથી ઉતરતી પંક્તિમાં આવતા જઇએ છીએ. તેને લઇને આપણી પાત્રતા ઘટતી જાય છે અને મત્સર, અસૂયા, દ્વેષ ઇત્યાદિ વિકારોને વિશેષ અવસર મળતો જાય છે. વળી જોકે આપણો સમાજ વ્યાપારના માર્ગનો અભ્યાસી અને અનુયાયી છે. તથાપિ આપણે જો ઉચ્ચ કેળવણી તરફ ઉપેક્ષા કરીશું તો આપણામાંથી તે વ્યાપારની યોગ્યતા પણ ઓછી થયા વગર રહેશે નહીં, કારણકે, આજકાલ સર્વે વિષયોનો વિકાસ કેળવણી શિવાય થઇ શકતો નથી. પ્રત્યેક વ્યાપારના માર્ગમાં ઉચ્ચ કેળવણીની અપેક્ષા રહેલી છે.

ઋષિમંડળના કર્ત્તાએ જે **સુદર્શન** શેઠ અને **થાવચ્ચાપુત્ર**ના પ્રસંગો આપેલા છે, તે પ્રસંગો ઉપરથી ધર્મ, અને આચારનું અભિમાન રાખવાના અનેક શિક્ષણો મળી શકે છે. જો કે તે ચરિત્રનો પ્રધાન વિષય વૈરાગ્ય છે, તથાપિ તેને અંગે કર્ત્તાએ વ્યવહારિક અને આચારિક માર્ગોનું સારૂં દિગ્દર્શન કરાવ્યું છે. જૈનધર્મનો પ્રત્યેક આચાર ધર્મમૂલક હોય છે, તેથી ધર્મ અને આચારનો સંબંધ યુક્તિપૂર્વક સમજી શકાય છે. ધર્મશાસ્ત્રકારો જે તત્વના પાયા ઉપર વ્યાવહારિક ધર્મની માંડણી કરે છે, તેમાંના કેટલાએક તત્વો વિવિધ પ્રકારના હોય છે.

સાંપ્રતકાલે ધર્મ, વ્યવહાર અને આચારના આપણાં પરિણામો વિચિત્ર થઇ પડ્યા છે. એ પરિણામોને આપણા નેતાઓ આપણા સમાજને ઉચ્ચ માર્ગે લઇ જઇ શકતા નથી. એટલુંજ નહીં પણ જોકરી કોઇ સમાજ ઉચ્ચ માર્ગે જવાના પ્રયાસો કરે છે, તો તેને તે નેતાઓ અંતરાયરૂપ બને છે. ઘણે સ્થળે એવું બને છે કે, જો ધાર્મિક દ્રવ્યની સુવ્યવસ્થા-યોગ્ય વ્યવસ્થા કરવા કે બીજા સાંસારિક સુધારાની બાબતો હાથ ધરવા માટે કોઈ ઉત્સાહી નવીન વર્ગ આગળ પડવા જાય છે તો તે આગ્રહી નેતાઓ તે વર્ગને ઉત્સાહહીન કરવા માટે આડકતરી રીતે અથવા કોઇવાર સીધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે પ્રવૃત્તિ કરતા દેખાય છે. સાંપ્રતકાળની નેતાઓની આવી પ્રવૃત્તિ આપણા સમાજને મોટી હાનિકર્ત્તા થઇ પડી છે; તે સંબંધે હવે આપણે જાગ્રત થવાની જરૂર છે. આપણાં નવીન ઉત્સાહી યુવકોએ હવે સમાજ સેવા કરવા માટે તન, મન અને ધનથી પ્રયત્ન કરવા વળવું જોઇએ. તેઓએ પોતાનું શાંત પણ મધુર અને અલૌકિક પ્રેમ શૌર્ય બતાવવું જોઇએ. આપણા પૂર્વજોના ચરિત્રો જોશો તો જણાશે કે તેઓએ પોતાના અદ્‌ભુત સમાજસેવા રૂપ પ્રૌઢ પ્રેમની છાયા આ ભારતવર્ષ ઉપર પ્રસરાવી હતી અને તેથી જ તે સમયનો સમાજ ઉન્નતિના ઉંચા શિખર ઉપર આરૂઢ થઇ શકયો હતો. સાંપ્રતકાલે પણ જો કદિ સંપૂર્ણ અંશે ન બની શકે તો થોડા ઘણાં અંશે પણ જો એ પૂર્વજોની ભાવનાનું અનુકરણ થશે તો આપણો સમાજ કે જે કેટલા-એક અયોગ્ય નાયકોને હાથે વ્યવહાર અને આચારમાં છિન્નભિન્ન અને અવ્યવસ્થિત થતો જાય છે, તેનો કાંઇપણ પુનરૂદ્ધાર થયા વિના રહેશે નહીં.

આપણે જો આપણાં કેવળ આગમ માર્ગને અનુસરી આપણા વ્યવહાર અને આચારનો વિચાર કરીશું તો તેમાં આપણે એટલું તો ઉમેરવું જોઇશે અને જે શાસ્ત્રકારોએ ફરમાન કરેલું છે કે આપણા ધર્મ, વ્યવહાર અને આચારની પદ્ધતી-ઓમાં દેશકાલાનુસાર ફેરફાર કરવો પડશે. કારણ કે, હમણાંની પરિસ્થિતિ તરફ જોતાં આપણે કઇ દિશાએ પ્રવર્ત્તવું, એ ખાસ લક્ષમાં રાખવું જોઇએ. તથાપિ તેમ એટલો નીશાનો રાખવો કે, "આપણે આપણા સનાતન જૈનધર્મ તરીકે એક ધર્મ રાખવો અને તેના પ્રધાન સંસ્કારોમાં કોઇ પણ જાતનો ફેરફાર કરવો નહીં; માત્ર દેશકાલને યોગ્ય એવા આચરણમાં સુધારો વધારો કરી તે સંસ્કારોને જોડી દેવા જોઇએ." આ શિક્ષાસૂત્રો સદા સ્મરણમાં રાખવાથી આપણે આપણા સમાજની ઉન્નતિ સારી રીતે કરી શકીશું. આપણે હવે સમજવું જોઇએ કે, આપણા સમાજની ધાર્મિક, વ્યવહારિક અને આચારિક ઉન્નતિ કરવાનું મુખ્ય સાધન ઉંચી કેળવણી છે. અને તે કેળવણી એવી હોવી જોઇએ કે જેથી આપણા સમાજમાં વ્યવહાર અને આ-ચારના ઊંચા ચારિત્રો બંધાય. જ્યારે તેવા ઊંચા ચારિત્રો મેળવવાના ઉપદેશોની ગર્જના પ્રત્યેક સ્થાને સ્થાને અને ઘેર ઘેર વિસ્તરશે, ત્યારે જ તેના મોટા નાદથી આપણા સંઘરૂપી વૃક્ષના પોલાણમાં છુપા ભરાઇ બેઠેલાં અને સમાજની ઉન્નતિના મધુર ફળને ટોચી ખાનારા અયોગ્ય આચાર–વિચાર–વ્યવહારરૂપી ગીધ પક્ષીઓ ત્રાસ પામીને ઉડી જશે. પરમકૃપાળુ અધિષ્ટાયક દેવોની કૃપાએ તેવો સમય જલદી પ્રાપ્ત થાય ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો અવિહડ પ્રેમ હોવો જોઇએ ?

લેખક મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

૧ શુદ્ધ દેવ, ગુરૂ, સંઘ સાધર્મિક પ્રત્યે ખરી અંતરંગ ભક્તિ એ મુક્તિનું અમોઘ ( અચૂક ) વશીકરણ છે.

૨ ખરી ભક્તિ સદ્ગુણાનુરાગથી ( સદ્ગુણ–સદ્ગુણી પ્રત્યે ખરો પ્રેમ–બહુમાન રાખવાથી ) પ્રગટે છે અને તેથી તેની વૃદ્ધિ પણ થાય છે.

૩ વિનય–નમ્રતા ગુણ વગર ખરી ભક્તિ બનતી નથી પણ વિનયથી જ તેવી ભક્તિ બને છે અને તેવી ભક્તિથી વિનય ગુણની વૃદ્ધિ પણ થાય છે.

૪ નમ્રતા વગરનું જ્ઞાન, નીર વગરની નદી જેવું નકામું છે–શોભતું નથી. શુષ્ક–પોપટીયા જ્ઞાનથી મદ–અહંકાર આવવાનો મોટો ભય રહે છે. ખરી ભક્તિથી એ ભય દૂર થાય છે અને નમ્રતામાં એથી વધારો જ થાય છે.

૫ વિનય પાંચ પ્રકારે થઈ શકે છે. ૧ નિર્દોષ અને અનુકૂળ ખાનપાનાદિક દેવા વડે તથા વંદનાદિક બાહ્યભક્તિ કરવા વડે. ૨ અંતરંગ પ્રેમવડે. ૩ સદ્ગુણની પ્રશંસા–સ્તુતિ–સ્તવના કરવા વડે. ૪ નજીવા દોષની ઉપેક્ષા કરવા વડે અને ૫ મન, વચન, કાયાથી થતી આશાતના તજવા વડે.

૬ કંઈ પણ પવિત્ર ધર્મકરણી કરતાં વિધિ રસિક જનોએ શાસ્ત્રોકત દોષ તજવાનો જરૂર ખપ કરવો જોઈએ. કહ્યું છે કે—

" દગ્ધ[૧] શૂન્ય[૨] ને અવિધિ દોષ,[૩] અતિપ્રવૃત્તિ[૪] જેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ. "

(૧) અમુક એક કરણી ( દેવદર્શન, ગુરૂવંદન, સામાયક, પ્રતિક્રમણાદિ કરતાં અનેરી અનેરી કરણી ઉપર લક્ષ દોડે, મૂળ કરાતી કરણીમાં લક્ષ (ઉપયોગ) ન રહે, મન અન્યત્ર ભટકે તે **દગ્ધ** દોષ.

(૨) કરાતી ધર્મકરણીમાં કશું લક્ષ રાખ્યા વગર જ સંમૂર્છિમની જેમ કરણી કરાય, બેભાન જેવી અવસ્થામાં કરણી કરાય, તેના હેતુ, પરમાર્થ તરફ કશું લક્ષ ન રહે–બેદરકાર રહે તે **શૂન્ય** દોષ.

(૩) જે ધર્મકરણી જેવી મર્યાદા સાચવી કરવી જોઈએ તે તેમ નહિ કરતાં આપઇચ્છાએ જે ન્યુનાધિક કરે અથવા આગળ પાછળ કરે અથવા ઇચ્છા મુજબ તેની ઉપેક્ષા–બેદરકાર કરે, મર્યાદા ન સાચવે તે **અવિધિ** દોષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) દેશકાળ સ્થિતિ સંયોગોનો વિચાર કર્યા વગર, સ્વશકિત ઉપરાન્ત હદ ઓલંઘી આપ ઇચ્છાએ જે કામ કરવામાં આવે તે **અતિપ્રવૃત્તિ** દોષ. કહ્યું છે કે—

' ઉચિત ક્રિયા નિજ શક્તિ છંડી, જે અતિ વેગે ચઢતો;
તે ભવસ્થિતિ પરિપાક થયા વિના, જગમાં દીસે પડતો. ' ઇ૦

૭ વિધિરસિક ભકતજનોએ ભકિત પ્રસંગે શાસ્ત્રોક્ત સાત પ્રકારની શુદ્ધિ સાચવવા જરૂર ખપ કરવો જોઈએ, સાત પ્રકારની શુદ્ધિ નીચે મુજબ સાચવવાની છે—

" અંગ[1] વસન[2] મન[3] ભૂમિકા,[4] પૂજોપકરણ[5] સાર;
ન્યાય દ્રવ્ય[6] વિધિશુદ્ધતા[7], શુદ્ધિ સાત પ્રકાર. "

પ્રથમ દેહશુદ્ધિ, બીજી વસ્ત્રશુદ્ધિ, ત્રીજી મનશુદ્ધિ, ચોથી ભૂમિકાશુદ્ધિ, પાંચમી પૂજોપકરણની શુદ્ધિ, છઠ્ઠી દ્રવ્યશુદ્ધિ અને સાતમી વિધિશુદ્ધિ એ સાત પ્રકારની શુદ્ધિનો વિશેષ અધિકાર **શ્રીશત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર** નામના પુસ્તકમાં વિસ્તારથી આપેલ છે તો પણ દિશા માત્ર અહીં પ્રદર્શિત કરલામાં આવે છે.

(૧) કંઇક ઉષ્ણ જળ ( તીર્થ જળ શીતળ હોય તોપણ તે ) વડે શરીરશુદ્ધિ જયણાપૂર્વક ( અન્ય એકેન્દ્રિય પ્રમુખ જીવની વિરાધના ન થાય તેમ ) નિર્જીવ સ્થળે કરી, અંગુચ્છાવડે શરીરને સારી રીતે લુંછી દેવું તે **દેહશુદ્ધિ.**

(૨) સાફ ધોયેલાં અખંડ ધોતર (ધોતીયું) ઉત્તરાસંગ ધારીને, ભકિત પ્રસંગે અષ્ટપુટ ( આઠ વડો ) મુખકોશ બાંધીને તેમજ સ્વશકિત યા સ્થિતિ અનુસારે અન્ય આભૂષણાદિક પહેરીને શુદ્ધ દેવ ગુરૂની ભકિતમાં અથવા તીર્થરાજની સેવામાં જોડાવું તે **વસ્ત્રશુદ્ધિ.**

(૩) અનેરા સઘળા સંકલ્પ વિકલ્પો શમાવી દઇ, ભકિત કરવા યોગ્ય શુદ્ધ દેવ ગુરૂ સંઘ સાધર્મિકના ગુણાનુવાદ ( ગુણ ચિન્તવન ) કરવામાં, એવી યોગ્યતા પામવા માટે (તન) મન જોડી દેવું તે **મનશુદ્ધિ.**

(૪) દેવ ગુરૂની વાસભૂમિકા ( દેરાસર ઉપાશ્રય પ્રમુખ ) ને ભકિત પ્રસંગે બરાબર જયણાથી પૂંજી પ્રમાર્જીને સાફ કરી લેવી તે **ભૂમિકાશુદ્ધિ.** અથવા શલ્ય સમાન પરિણામની અસ્થિરતા, અરૂચી અને ચાલુ પ્રવૃત્તિમાં ખેદ રૂપ મનના દોષ દૂર કરવા પૂરતો પ્રયત્ન કરવો તે **ભૂમિકાશુદ્ધિ.**

( ૫ ) ભક્તિનાં સાધન સારાં–સુંદર રાખવાં તે **ઉપકરણશુદ્ધિ.**

( ૬ ) ભક્તિ પ્રસંગે વાપરવા યોગ્ય દ્રવ્ય અનીતિથી અન્યાયથી યા અપ્રમાણિકપણે પ્રાપ્ત કરેલ ન હોય પણ ન્યાયોપાર્જિત હોય તે **દ્રવ્યશુદ્ધિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૭ ) દેવ ગુરૂ સંઘ સાધર્મિકનાં દર્શન, વંદન, પૂજન, ભક્તિ બહુમાન પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિનું યથાશક્તિ પાલન કરવું તે **વિધિશુદ્ધિ.**

આ ઉપર જણાવેલી સાત શુદ્ધિ યથાયોગ્ય રીતે સાચવવા સહુ કોઇ ભવ્યાત્માઓએ યથાશક્તિ અવશ્ય આદર કરવો, તેની ઉપેક્ષા ન કરવી. કેમકે અવશ્ય કરવા યોગ્ય કરણીમાં ઉપેક્ષા ( અનાદર ) કરવાથી ખરો લાભ મળતો નથી, જન્મ મરણનાં બંધન તૂટતાં નથી, જેથી પરિણામે જીવને સ્વેચ્છા ચારિતાવડે અનંત અપાર સંસાર પરિભ્રમણ કરવું પડે છે.

૮ જીન ભુવને ૮૪ આશાતના ( મોટી ૧૦ આશાતના ) અને ગુરૂ પ્રત્યે ૩૩ આશાતના તજવા ભવ્યજનોએ જરૂર લક્ષ રાખવું. તેનો વિશેષ અધિકાર **ભાષ્યત્રય** પૈકી દેવવંદન ભાષ્ય અને ગુરૂવંદન ભાષ્યમાંથી તપાસી લહીને ઉક્ત આશાતના દોષ તજવા હરદમ ખપ કરતા રહેવું.

૯ દેવગુરૂની જમણી બાજુએ રહીને પુરૂષોએ અને ડાબી બાજુએ રહીને સ્ત્રીઓએ દર્શન, વંદન, પૂજન સ્તુતિ સ્તવનાદિક કરવાં જોઇએ અને ચૈત્યવંદન કરતાં કમમાં કમ નવ હાથનો અને અધિકમાં અધિક સાઠ હાથનો અવગ્રહ ( વચલું અંતર ) રાખી બેસવું જોઇએ. ઘર દેરાસરમાં સ્થળ સંકોચથી અવગ્રહ કમી રાખી શકાય.

ઉપર મુજબ દેવવંદન કરતાં વચ્ચમાં અંતર રાખવાનો હેતુ આપણા (ઔદારિક ) શરીરથી પ્રભુની આશાતના થવા ન પામે એ છે. તેવીજ રીતે ગુરૂવંદનાદિ પ્રસંગે પણ સ્ત્રી પુરૂષોએ ગુરૂ અવગ્રહ સાચવવા જોઇએ. પુરૂષને ૩।। હાથનો, અને સ્ત્રીને ૧૩ હાથનો ઉત્કૃષ્ટ અને જઘન્ય ૩।। હાથનો અવગ્રહ રાખવોજ જોઇએ. સાધુ સાધ્વીઓને પણ એ નિયમ એક સરખી રીતે પાળવો જોઇએ, એવી શાસ્ત્ર આમ્નાયનો સ્વેચ્છાચારથી અનાદર કરનારને આજ્ઞાભંગ પ્રમુખ કઇક દોષ લાગે છે.

અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

## શાસન પ્રેમી મુનિ મહારાજાઓને વિનંતિ.
## શ્રી સુરત મુકામે વાચના.

આગમોદય સમીતિ તરફથી કરાતી વાચના પહેલાં પાટણ, બીજી કપડવંજ અને ત્રીજી અમદાવાદમાં થઇ. તે વાચનામાં લાભ લેતા મુનિ મહારાજાઓને અત્રે પધારી વાંચના ચલાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રેના સંઘના સંભાવિત ગૃહસ્થો અમદાવાદ ગએલા હતા, જેથી અત્રેના સંઘની ઉદય સ્થિતિ ને અંગે મુનિમંડળે અત્રે આવી વાચના શરૂ કરવાનું જણાવ્યું છે. અને તેથી મુનિ મંડળનું સામૈયું પોસ વદી ૧૩ રવીવારે સંઘના ઉત્સાહ મુજબ કરવામાં આવેલ છે. અને તેજ દિવસે બપોરથી વાંચનામાં વિશેષાવશ્યક વિગેરે શરૂ થશે. માટે આપના પરિવાર સહિત વાંચનામાં પધારી અત્રેના સંઘને લાભ દાયિક થશો એવી પ્રાર્થના છે.

## શ્રી મુંબઇ–શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ધાર્મિક પરિક્ષા.

પરમ ઉપકારી **મુનિરાજ શ્રી વલ્લભવિજયજી** મહારાજના ઉપદેશામૃતવડે જન્મ પામેલી આ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ધાર્મિક પરિક્ષા આ વરસે વલસાડના સબજડજ શ્રીયુત સુરચંદભાઇ બદામી બી. એ. એલ. એલ. બી. એ લીધી હતી. જેમાં એક સિવાય સર્વ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પંડિત વૃજલાલજી જેવા વિદ્વાન, અને સદ્વર્તનશાળી પુરૂષ જેવા ધાર્મિક શિક્ષક હોવાનું તે ફળ છે.

ધાર્મિક અભ્યાસમાં તત્ત્વાર્થાધિગમ અને જ્ઞાનસાર ગ્રંથો ચલાવવામાં આવે છે, જો કે વિદ્યાર્થીઓને શરૂઆતના અભ્યાસ તરીકે અમારા નમ્ર મત પ્રમાણે કઠીન છે તેને બદલે જૈન તત્ત્વસાર, શ્રાદ્ધગુણ વિવરણ કે ધર્મબિન્દુ જેવા કોઇપણ ગ્રંથો જો ચલાવવામાં આવે તો શરૂઆતના અભ્યાસ તરીકે યોગ્ય છે. જેથી તે માટે તેના વ્યવસ્થાપકો વિચાર કરશે. સિવાય બીજી તમામ રીતે અમો કાર્યપદ્ધતિ પસંદ કરીયે છીયે અને અભ્યુદય ઇચ્છીયે છીયે.

વિદ્યાર્થીઓનું પરિણામ નીચે મુજબ છે.

### સીનીયર કલાસના વિદ્યાર્થીઓ.

| નામ | માર્કસ | નામ | માર્કસ |
|---|---|---|---|
| શાહ મોહનલાલ હાથીભાઇ. | ૭૩ | શાહ ઓધવજી ધનજી. | ૬૦ |
| " ચીમનલાલ દલસુખભાઇ. | ૭૦ | " ચુનીલાલ જીવરાજ. | ૬૦ |
| " જગનલાલ નાનચંદ. | ૬૯ | " અંબાલાલ માણેકચંદ. | ૫૭ |
| " અંબાલાલા ચત્રભુજ. | ૬૬ | " મોહનલાલ હેમચંદ. | ૫૬ |
| પરીખ ચીમનલાલ મોતીલાલ | ૬૪ | જસાણી રતીલાલ માણેકચંદ. | ૪૯ |
| મહેતા દલપતભાઈ વીઠ્ઠલદાસ. | ૬૨ | શાહ ગોવિંદજી ઉજમસી. | ૪૭ |

### જુનીયર કલાસના વિદ્યાર્થીઓ.

| નામ | માર્કસ | નામ | માર્કસ |
|---|---|---|---|
| કાપડીઆ નરોતમ ચુનીલાલ. | ૭૦ | દોશી અમૃતલાલ મોતીચંદ. | ૫૬ |
| " ત્રીભોવનદાસ છોટાલાલ. | ૬૯ | શાહ દલસુખભાઇ મહીજીભાઇ. | ૫૬ |
| શાહ નગીનચંદ જગજીવનદાસ. | ૬૪ | દોશી સાકળચંદ હકમચંદ. | ૫૩ |
| " દીપચંદ જીવણ. | ૬૨ | શેઠ ચમનલાલ ચુનિલાલ. | ૫૩ |
| " ખીમચંદ ઝવેરચંદ. | ૬૧ | મહેતા મનજીભાઇ ધરમશી. | ૫૧ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| સંઘવી મોતીલાલ છગનલાલ. | ૫૯ | પરીખ ભાઇલાલ એચરદાસ. | ૪૬ |
| શાહ મયાભાઇ ઠાકરશી, | ૫૯ | મોદી મોતીલાલ મગનલાલ. | ૪૪ |
| કોઠારા રતીલાલ અમરચંદ. | ૫૭ | ચીનાઇ જગમોહનદાસ કલ્યાણજી. | ૨૭ |

## અમદાવાદમાં મહોત્સવ અને તેવા પ્રસંગોએ સમાજ ઉન્નતિ માટે આપવું જોઇતું લક્ષ.

હાલમાં ઉકત શહેરમાં બીરાજતાં શ્રીમદ્ મુક્તિવિજયજી ગણિના શિષ્ય શાંતમૂર્ત્તિ પંન્યાસજી શ્રીમદ્ કમળવિજયજી મહારાજને આચાર્ય અને તેમના શિષ્યો મુનિરાજ શ્રી દેવવિજયજી, મુનિરાજ શ્રી મોહનવિજયજી અને મુનિરાજ શ્રી લાભવિજયજીને પંન્યાસ પદવીઓ આપવાના મહોત્સવો થયા છે. જેને માટે અમો અમારો આનંદ પ્રદર્શિત કરીએ છીએ. સાથે અઠ્ઠાઇ મહોત્સવો વગેરે કાર્યો પણ થયા છે. જાણવા પ્રમાણે સાધુ, સાધ્વી મહારાજ વગેરેને આ મહોત્સવ પ્રસંગે અમુક ધાર્મિક ગ્રંથો પણ ભેટ આપવામાં આવેલ છે. આવા પ્રસંગે દેવ દ્રવ્ય જેવા ખાતામાં દ્રવ્ય ઉત્પત્તિ પણ સારી થાય છે. પરંતુ વર્તમાનકાળે જૈનોની સ્થિતિ સુધારણા અર્થે કે તેમના બાળકોને ઉંચી કેળવણી અર્થેના સાધનો માટે કોઇ જૈનબંધુઓ યાદ કરતા નથી, તો આવા પ્રસંગોએ લક્ષ આપવાની ખાસ જરૂર છે અને જ્યારે અમારા મુનિમહારાજાઓ લક્ષ આપશે ત્યારે કાંઇ ઉન્નતિના માર્ગની શરૂઆત થયેલી જોવાશે.

## ( श्री मांडवगढ का संघ. )

बुराणपुर वालेके संघके साथ धर्मधुरंधर परमोपकारी श्रीमान् हंसविजयजी महाराज साहेब तथा पन्न्यासजी श्री संपद्विजयजी महाराजादि मुनियो बडनगरसे विहार करके गाम अमला पधारे, वहांसे पडगारा आना हुवा, वहांसे बदनावरके दो प्राचीन चमत्कारी देवलोकी यात्रा कीइ वहां श्री चंद्रप्रभुस्वामी के देवल नीचे एक बडा विकट गली कुंचीवाला भूमिगृह है, उसमें श्री ऋषभदेव स्वामीकी पुराणी अति मनोहर मूर्ति है, कहते है कि इस मूर्तिसे अमृत झरता है, दुसरे देवलमें श्री पार्श्वनाथ भगवानकी मूर्ति एक कोणेपर मोजुद थी, वहांसे १९५६ माघ शुक्ल ८ के रोज आर्धा रात्री समये सरकके मूळ नायकजी, के स्थानपर बिराजमान होगइ, उस वक्त देवताइ बाजे बजे सो अनेक मनुष्योंने सुणे और मूर्तिकी नासिका खंडित थी सो भी अखंड होगइ वहांसे वखतगढ आना हुवा, वहां पूजन तथा व्याख्यानमें ढुंढक तथा तेरापंथी भाइयोंने भी लाभ लिया था, वहांसें कानून आना हुवा, वहांसे महाराज श्री नागदा पधारे,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वहांसे कलसाणा गामेंम आना हुवा, वहांपर धार ( याने धारानगरी ) के नरपतिके मान्यवर पुराणीजी कितनेक गृहस्थोके साथ, श्रीमान् हंसविजयजी महाराज साहेबकी मूलाकात लेनेको आये, मांडवगढके प्राचीन इतिहासका तथा धारामें भोजराजाकी सभाके अलंकाररुप धनपाल पंडितका ब्यान खास पूर्वोक्त गुरु महाराजजीने सुणाया, वहांसे एकलदुणा होकर दिठाण पधारे, वहांसे बगडी आना हुवा. पूर्वोक्त महात्माका माळवा देशमें पधारनेसें अवर्णनीय लाभ हुवाहै.

## નીચેના પુસ્તકો અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે જે ઉપકાર સહિત સ્વીકારીયે છીયે.

१ મુનિ. ( માસીક અંક. ક. ૪ થો ) — વિશ્વંભરદાશ ગાર્ગીય. કેમ્પ ઝાંશી.
૨ બારવ્રતની ટીપ. — શ્રી મહાવીર જૈન સભા. ખંભાત.
૩ ભાવનાશતક. — શાહ વંદ્રાવન દયાળ. માંગરોળવાળા.
૪ રત્નગદ્ય માલિકા. — શાહ. કેશવજી ભગવાનજી. મુંબઈ.
૫ સમ્યક્દર્શન. ૬ ધ્યાનદીપિકા.
૭ નીતીમય જીવન અને ગૃહસ્થધર્મ.
૮ નીતિવાકયામૃત. અંત સમયની ક્રિયા.
} પન્યાસજી મહારાજ શ્રી કેશરવિજયજી મહારાજ.

## મહેતા વહાલુભાઇ લવજીનો સ્વર્ગવાસ.

ઉકત પાલનપુર નિવાસી અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત શ્રીમાન જૈન ગૃહસ્થ થોડા વખતની બીમારી ભોગવી આ માસમાં પાલનપુરમાં સ્વર્ગવાસ પામ્યા છે. મરહુમ બંધુ એક ખરેખર દેવ, ગુરૂ અને ધર્મના ઉપાસક હતા. સ્વભાવે સરલ, શાંત અને મીલનસાર હતા. પાલનપુરની જૈન પ્રજાને ખરેખર તેમની ખોટ પડી છે. આ સભા ઉપર તેઓ અત્યંત પ્રેમ ધરાવતા હોઇને આ સભાના સભાસદ થયા હતા. જેથી આ સભાને પણ એક નરરત્નની ખોટ પડીછે. એથી અમો પુર્ણ દીલગીર છીયે, અને તેમના પુત્ર અને કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પવિત્ર આત્માને પૂર્ણ શાંતિ મળે તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**હૃદયનો હાર ! આનંદનો ભંડાર ! પુસ્તકાલયનો શૃંગાર !**

## મહોપાધ્યાય શ્રી શાન્તિચંદ્રગણિ કૃત.

### સંસ્કૃત ગ્રંથ.

# कृपारस कोश.

## (दयारसनो भंडार)

### ( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ )

જૈન સમાજમાં ભાગ્યે જ કોઇ એવો હશે કે જેણે **કૃપારસ** કોશનું પવિત્ર નામ સાંભળ્યું ન હોય ! પરંતુ સાથે અંદર શી હકીકત છે ? અને તે કેટલો મહત્વવાળો છે તે કોઇ વિરલા જ જાણી શકે તેમ છે ! આ પવિત્ર ગ્રંથ તેજ છે કે જેના શ્રવણથી ખુશી થઇ મહાન્ મુગલ સમ્રાટ્ અકબર બાદશાહે પોતાના વિશાળ રાજ્યમાં સાલ ભરમાં છ મહિના સુધી જીવહિંસા બંધ કરી હતી અને જૈનધર્મનું બહુ માન કરી જગત્માં ખ્યાતિ વધારી હતી. તેજ આ કૃપારસ કોષ ગ્રંથ છે જે છપાઇ તૈયાર થયો છે. આ મહાન્ ગ્રંથના સંપાદક જૈન ઇતિહાસ પ્રેમી અને વિદ્વદ્રત્ન **મુનિરાજ શ્રી જિનવિજયજી** મહારાજ છે, કે જેનો જૈન ઇતિહાસિક શોધ માટે અપરિમિત પ્રયાસ છે. પુસ્તકના પ્રારંભમાં એક લાંબી પ્રસ્તાવના ઉકત મહાત્માએ રસીલી અને આકર્ષક હિન્દી ભાષામાં જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિને સમ્રાટ્ અકબર બાદશાહે શી રીતે આમંત્રણ કર્યું ? તેઓશ્રીનો સત્કાર શી રીતે કર્યો ? ઉપાધ્યાયજી શ્રી શાન્તિચંદ્રજીએ શું શું કર્યું ? આ ગ્રંથની શામાટે રચના કરી અને અકબર બાદશાહે તેમને શું કરી આપ્યું, ઇત્યાદિ વાતો ઘણી જ ખુબી ભરેલી અને આકર્ષક રીતે લખવામાં આવેલી છે. બાદશાહે સૂરિજી મહારાજને જે જે મહાન્ ફરમાનો—સનંદો આપી છે. તેની વિશ્વાસનીય ઈંગ્રેજી નકલો હિન્દી ભાષાંતર સહિત આપવામાં આવેલ છે. સાથે ઘણી જ મુશ્કલીથી અને ઘણો જ ખર્ચ કરી મૂળ ફારસી ફરમાનોના સુંદર અને મ્હોટા બે ફોટોગ્રાફ્સ ( છબીઓ ) સાથે આપવામાં આવેલ છે, કે જે આજસુધીમાં **કોઈપણ સ્થળે** પ્રગટ થયા નથી. અકબર બાદશાહની મ્હોરનો પણ એક ફોટોગ્રાફ આપવા સાથે ગ્રંથના પ્રારંભમાં શ્રીહીરવિજયજીસૂરિ અને બાદશાહનો દર્શનીય ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે. પુસ્તકની અંતમાં આખા ગ્રંથનો સરલ ટુંક સાર આપવામાં આવેલ છે. એ રીતે આ ગ્રંથની સુંદર રચના કરવામાં આવી છે.

આખો ગ્રંથ ઉંચા અને જાડા આર્ટપેપર ઉપર બ્લુ અને લાલ એમ ડબલ રંગમાં, સુંદર ટાઇપમાં છાપવામાં આવેલ છે. ઉપરનું ટાઇટલ અને બાઇંડીંગ પણ બહુ જ ચિત્તાકર્ષક બનેલ હોવાથી દૃષ્ટિને પ્રિય થઇ પડે તેમ હોવાથી ઘરનો—લાઇબ્રેરીનો એક શ્રૃંગાર અને નમુના રૂપ બનેલ છે. તે બાબતમાં વિશેષ પ્રશંસા નહિ કરતાં ફકત એટલું જ કહીયે છીયે કે, આવી જાતનું બાહ્ય અભ્યંતર બંને રીતે પૂર્ણ મનોરંજક અને અનુપમ પુસ્તક જૈન સાહિત્યમાં કે કોઇપણ જૈન પુસ્તક પ્રસિદ્ધ કરનાર તરફથી એક પણ પ્રકટ થયેલ નથી. જેઓ પોતાના ઘર કે પુસ્તકાલયને સુશોભિત કરવા ઇચ્છતા હોય તેમ જ એક મહાન્ જૈનાચાર્યના જગત્ કલ્યાણકારી જીવનની દર્શનીય ઝાંખી કરવા ઇચ્છતા હોય તેમણે આ પુસ્તક અવશ્ય ખરીદ કરવું.

કિંમત રૂ ૧—૦—૦ પોસ્ટ જુદું, જે પુસ્તક જોતાં તદ્દન નજીવી લાગશે. માત્ર થોડી નકલો જ શીલીકમાં છે. જેથી જેમણે ખરીદવું હોય તેમણે અમોને લખી મોકલવું. પાછળથી રૂ ૫) આપતા પણ મળશે નહીં અને પસ્તાવું પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણ સટીક " શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી
૩ " રત્નશેખરી કથા " શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા ત.
૪ " દાનપ્રદીપ " શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ " શ્રી મહાવીર ચરિત્ર " શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ " ષટ્સ્થાનક પ્ર—સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઇ માંગરોળવાળા તરફથી.
૭ "બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૮ "સુમુખાદિમિત્ર ચતૂષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી.
૯ "ચૈત્યવંદન મહાભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.
૧૧ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૨ "શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૩ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણિકૃત" બે શ્રાવિકાઓ તરફથી.
૧૪ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત" શા. લલુભાઇ ખુબચંદની વિધવા બાઇ મેનાબાઇ પાટણવાળા તરફથી.
૧૫ "પંચનિગ્રંથી સાવચૂરિ" ૧૬ "પર્યંત આરાધના સાવચૂરિ"
૧૭ "પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ" ૧૮ "બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ"
૧૯ "પંચસંગ્રહ" શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૦ "શ્રાધ્ધવિધિ"
૨૧ "ષડ્દર્શનસમુચ્ચય. } શેઠ જીવણભાઇ જેચંદ ગોધાવાળા તરફથી.
૨૨ "ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફથી.
૨૩ "બૃહત્ સંઘયણી શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત" એક સભા તરફથી.
૨૪ "કુમારપાળમહાકાવ્ય" શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણ ત.
૨૫ શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણનિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ઐતિહાસિક ગ્રંથોની પ્રસિદ્ધિની જે શરૂઆત કરવામાં આવેલી છે, તે પ્રવર્ત્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી** મહારાજનો શાસ્ત્રસંગ્રહ જે કે તેઓશ્રીની અથાગ મહેનતનું અને કૃપાનું ફળ છે, અને તેની આવી રીતે જે સુંદર યોજના થાય છે તે મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજની કૃપાનું ફળ છે; સદરહુ સંગ્રહ એટલો મોટો છે કે તે પ્રસિદ્ધ કરવાને પુષ્કળ દ્રવ્યની સહાયજોઇએ પરંતુ તેની રાહ નહીં જોતાં ધીમે ધીમે તે બહાર મુકવું અને તેવા ગ્રંથો જે પ્રસિદ્ધ થાય તે ભેટ નહીં આપતાં યોગ્ય કિંમત રાખી, તેના ઊપજેલા દ્રવ્યમાંથી ઉત્તરોત્તર તેવાજ ગ્રંથો છપાવવા, કે જેથી અથાગ શ્રમે અને અમુક વખતે જૈન ઐતિહાસિક અનેક ગ્રંથો પ્રસિદ્ધ થતાં જૈન દર્શનની પ્રાચીનતા ઉપર ઇતર દર્શનોમાં પણ સારો પ્રકાશ પડી શકે; તેવા હેતુથી આ પ્રકારે આ કાર્યની શરૂઆત આ સભાએ કરી છે. જેથી તેવા ઐતિહાસિક ગ્રંથોની દરેક પાસેથી યોગ્ય કિંમત લેવી ઠરાવી છે.

જેથી દરેક મુનિમહારાજા—અમારા માનવંતા લાઇફ મેમ્બરો અન્ય સભ્યો અને જૈન બંધુઓ તે જાણી દરેક પ્રકારની તે કાર્યમાં (તે વિશાળ શાસ્ત્રસંગ્રહમાંથી ઐતિહાસિક ગ્રંથો પ્રસિદ્ધ કરવા) દરેક પ્રકારની સહાય આપશે એવી વિનંતી છે.

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર વિનંતિ.

નંબર ૧–૨–૩–૪–૫ ગ્રંથો મૂળ સંસ્કૃત હોવાથી તેના ખપી જૈન બંધુઓ ભાગ્યે જ હોવાથી અને તેઓના ઉપયોગમાં ન આવતા હોવાથી પ્રથમ મુજબ મુનિ મહારાજા વગેરેને આ વખતે તેઓશ્રીની વતી ભેટ આપવામાં આવશે, કે જેને લઇને જ્ઞાનદાનના તેઓશ્રી થશે. છતાં તેના ખપી–અભ્યાસી કોઇ બંધુ હોય તેઓશ્રી પત્ર લખી મંગાવશે તો તેમને મોકલી આપવામાં આવશે તે સિવાય. બાકીના

ભાષાંતરના ઉપર જણાવેલ તમામ ગ્રંથો નંબર ૧–૨–૩–૪ અમારા માનવંતા લાઇફ મેમ્બરોને દર વખતના જેમ ફાગણ શુદ ૫ થી પોસ્ટેજ પુરતા પૈસાનુ વી૦ પી૦ કરી તમામ ભેટ મોકલવામાં આવશે જેથી તેઓ સ્વીકારી લેશે એવી વિનંતિ છે.

અન્ય બંધુઓને ( જ્ઞાન ખાતું હોવાથી ) તેની કિંમતે આપવામાં આવશે.

## મુનિ મહારાજાઓ જાહેર સભા અને જાહેર લાઇબ્રેરીના મેનેજરોને નમ્ર સુચના.

**૧ સમ્યક્ત્વ કૌમુદિ. ૨ શ્રી અનુયોગદ્વાર સૂત્રનો સંક્ષિપ્ત સાર.**

**૩ પરમાણુ, પુદ્દગળ, નિગોદ છત્રીશિ.**

એ ત્રણ પૈકી પ્રથમ ગ્રંથ અમારી પાસેથી નાં. ૨–૩ ના ગ્રંથો મુનિરાજો માટે અમદાવાદ મુનિરાજ શ્રી દેવવિજયજી મહારાજ પાસેથી અને અમારી પાસેથી મંગાવવા, પોસ્ટે જ ભેટ મંગાવનારે આપવું પડશે. સીલીકમાં હશે ત્યાં સુધી મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીજ થોડીક નકલો બાકી છે.

તૈયાર છે ! જલદી મંગાવો. તૈયાર છે.

# विज्ञप्ति त्रिवेणि.

## ( સંસ્કૃત ગ્રંથ )

### ( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ )

આ અપૂર્વ ગ્રંથ જૈન ઐતિહાસિક સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈન સાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઐતિહાસિક દષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃત્તાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે. તે આ ગ્રંથનું અવલોકન કરે માલમ પડે તેવું છે.

આ ગ્રંથના સંપાદક શ્રીમાન્મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર ઉકત મહાત્માએ સારૂં અજવાળું પાડેલું છે કિંમત ( કપડાંનું પુઠું ) રૂા. ૧-૦-૦ ( સાદું બાઇડીંગ ) રૂા. ૦-૧૪-૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.

---

## હાલમાં નવા ગ્રંથો છપાવવાની થયેલી યોજના.

### ( જેની છપાવવાની શરૂઆત થઇ ચૂકી છે. )

१ **प्राचिन जैन लेख संग्रह.** (વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે.)

२ **विज्ञप्ति संग्रह.**

३ **विजयदेव महात्म्य.** (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે)

४ **जैन ग्रंथ प्रशस्ति संग्रह.** ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )

५ **जैन ऐतिहासिक रास संग्रह.** ३१ **प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.**

६ **शत्रुंजयोद्धार पं० विवेकधीरकृत ॥**

७ **लिंगानुशासन-स्वोपज्ञ टीका.** ३७ **धातुपारायण.**

૮ અધ્યાત્મ મત પરિક્ષા. ભાષાંતર

९ **श्री नयोपदेश.** ( શ્રીમદ્ યશોવિજયજી કૃત ન્યાયનો અપૂર્વ ગ્રંથ. )

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | |
|---|---|
| ૧ શેઠ કેશરીચંદ નગીનદાસ રે૦ છાણી. | પે૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ નરોત્તમદાસ જેઠાભાઇ રે૦ રંગુન. | ,, |
| ૩ શેઠ કસ્તુરભાઇ કશળચંદ રે૦ જામનગર. | બી૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૪ શેઠ કમળશીભાઇ ગુલાબચંદ રે૦ રાધનપુર. | બી૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૫ શેઠ ચીમનલાલ પ્રેમચંદ રે૦ રાંદેર. | પે૦ વ૦ વાર્ષિક મેમ્બર. |
| ૬ શેઠ માધવજી નાગજી રે૦ આમરણ ( જામનગર ) | બી૦ વ૦ લાઇફ મેમ્બર. |

For Private And Personal Use Only